


### ભારતીય થ્રોબોલ ટીમે પ્રથમ વખત ગોલ્ડ મેડલ જીત્યાં

ભારતીય થ્રોબોલ મેન્સ અને વિમેન્સ ટીમે કાઠમંડુમાં વર્લ્ડ ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ સર્જી દીધો છે. ઈન્ટરનેશનલ સ્પોર્ટ્સ કાઉન્સીલ દ્વારા આયોજીત આ વર્લ્ડ ગેમ્સમાં અલગ–અલગ દેશોની વિવિધ 42 રમત આયોજીત કરી હતી, જેમાં કુશ્તી, બેડમિન્ટન, એથ્લેટિક્સ, ફૂટબોલ, કબ્બડી વગેરે મુખ્ય છે. ભારતીય મેન્સ ટીમે ફાઈનલમાં બાંગ્લાદેશને 15–13, થી 15–12 અને ભારતીય વિમેન્સ ટીમે પાકિસ્તાનને 15–13, 15-12થી હારીને ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યા હતો.

### BCCIની કમિટીમાં સૌરવ ગાંગુલી પણ સભ્ય



BCCIએ લોધા સમિતિની ભલામણો અંગે અમલ પહેલાં રાજીવ શુક્લાની અધ્યક્ષતામાં 7 સભ્યની સમિતિ રચી છે. ગાંગુલી, ટી.સી.મેથ્યુ, નાબા ભટ્ટાચાર્જી, જય શાહ, અનિરુદ્ધ ચૌધરી સામેલ છે.

### રાષ્ટ્રીય શિક્ષણ નીતિ માટે 9 સભ્યની સમિતિ બની

કેન્દ્રએ શિક્ષણ નીતિના મુસદ્દા માટે વિજ્ઞાની કે. કસ્તૂરીરંગનની અધ્યક્ષતામાં એક સમિતિ રચી છે. તેમાં ડો.વસુધા કામત, કે. જે. અલ્ફાંસે, ડો. મંજુ ભાર્ગવ, કૃષ્ણમોહન ત્રિપાઠી, ડો. મઝહર આસિફ, ડો. એમ. કે. શ્રીધર, ડો. રામશંકર કુરીલ અને ટી.વી કટ્ટીમણિ સામેલ છે.

### સ્કિલ ઈન્ડિયા માટે વર્લ્ડ બેન્ક 1615 કરોડ રૂ. આપશે

વર્લ્ડ બેન્કે બહેતર નોકરીની ટ્રેનિંગ માટે 1615 કરોડ રૂ.ની લોન મંજુર કરી છે. તેનાથી સ્કિલ ઈન્ડિયા મિશન હેઠળ 15–59 વર્ષની ઉંમરના બેરોજગારોને 3–12 મહિનાની શોર્ટ ટર્મ ટ્રેનિંગ આપી શકાશે.

### IMEI સાથે ચેડાં કર્યા તો 3 વર્ષની જેલ

ટેલિકોમ વિભાગ મોબાઈલ ફોનના 15 ડિજિટલ યુનિક સિરિયલ નંબર (ઈન્ટરનેશનલ મોબાઈલ ઈક્વિપમેન્ટ આઈડેન્ટિટી–IMEI નંબર) સાથે ચેડાંને 3 વર્ષ સુધીની જેલ સાથેનો ગુનો બનાવવાના નિયમો ઘડી રહ્યો છે. તેનાથી ફેક IMEIનું દૂષણ દૂર કરી શકાશે તથા ખોવાયેલા મોબાઈલ ફોનનું ટ્રેકિંગ પણ સરળ બનશે.

### એગોન ક્લાસિક ટેનિસમાં ક્વિટોવા ચેમ્પિયન

ભૂતપૂર્વ વિમ્બલ્ડન ચેમ્પિયન ચેક રિપબ્લિકની પેટ્રા ક્વિટોવાએ ઓસ્ટ્રેલિયાની એશ્લે બાર્ટીને 4–6, 6-3, 6-2થી હરાવીને એગોન ક્લાસિક ડબલ્યૂટીએ ટેનિસ ટૂર્નામેન્ટનું ટાઈટલ જીતી લીધું હતું. ક્વિટોવા 2011 તથા 2014માં ગ્રાસ કોર્ટ પર રમાતા વિમ્બલ્ડન ગ્રાન્ડસ્લેમ જીતી ચૂકી છે.

### 1 જુલાઈથી રેલવે યાત્રીઓને વેઈટિંગ ટિકિટથી મુક્તિ

1 જુલાઈથી ભારતીય રેલવે નિયમમાં ફેરફાર કરશે. હવે વેઈટિંગ લિસ્ટની ટિકિટ નહીં મળે. રેલવેએ હવે દરેક મુસાફરોને કન્ફર્મ ટિકિટ આપવાનો નિર્ણય કર્યો છે અથવા આરએસી ટિકિટ અપાશે. તત્કાલ ટિકિટ બુકિંગ કરવાનો સમય પણ બદલાશે.

### 50 હજાર કરોડની ખોટવાળી એરઈન્ડિયાનું વિનિવેશ થશે નીતિ પંચના પ્રસ્તાવને કેબિનેટે મંજૂરી આપી

50 હજાર કરોડ રૂ.ની ખોટમાં ચાલી રહેલી એર ઈન્ડિયાનું ડિસઈન્વેસ્ટમેન્ટ કરાશે. બુધવારે કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવાયો. નાણા મંત્રી અરુણ જેટલીએ જણાવ્યું કે હાલ આ પ્રસ્તાવને સૈદ્ધાંતિક મંજૂરી મળી છે. ડિસઈન્વેસ્ટમેન્ટ કેવી રીતે થશે અને કેટલો હિસ્સો વેચાશે તે અંગે નિર્ણય કરવા મંત્રીઓની એક સમિતિ રચાશે.

### રાજ્યનું કામ બિરદાવી કેન્દ્રએ સર્ટિફિકેટ આપ્યું પાસપોર્ટ પોલીસ વેરિફિકેશનનો સમયગાળો ઘટીને 11 દિવસ થયો

રાજ્યમાં પાસપોર્ટ માટે પોલીસ વેરિફિકેશનનો સમયગાળો 23 દિવસથી ઘટીને 11 દિવસ થયો છે. વર્ષ 2016–17માં ગુજરાત પોલીસની પાસપોર્ટ વેરિફિકેશનની કામગીરીને કેન્દ્ર સરકારે બિરદાવી છે અને કેન્દ્રીય વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે સર્ટિફિકેટ ઓફ રેકગ્નીશન આપ્યું છે. જેનો ડીજીપી ગીથા જોહરીએ દિલ્હી ખાતે સ્વીકાર કર્યો હતો.

### 1442 મૂક–બધિરોએ સાઈન લેંગ્વેજમાં રાષ્ટ્રગાન ગાઈ ગિનિશ રેકોર્ડ રચ્યો

રાજકોટમાં મોદીત્સવનો માહોલ જોવા મળી રહ્યો છે ત્યારે બુધવારે રાજકોટના કાલાવડ રોડ પર સ્વામિનારાયણ મંદિરના સભાગૃહમાં 1442 મૂક–બધિરોએ લેંગ્વેજથી રાષ્ટ્રગીત ગાઈ નવો વર્લ્ડ રેકોર્ડ રચ્યો છે.

### આજે શ્રીમદ રાજચંદ્રની 150મી જ્યંતિ નિમિત્તે વડાપ્રધાન રૂ 150નો સિક્કો રજૂ કરશે

ગાંધીજીના આધ્યાત્મિક માર્ગદર્શક શ્રીમદ્ રાજચંદ્રજીની 150મી જન્મજયંતિ પર્વ નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદી 29 મીએ 150 રૂપિયાનો સિક્કો તેમજ ટપાલ ટિકિટ બહાર પાડશે. શ્રીમદ રાજચંદ્ર મિશન ધરમપુર દ્વારા અન્ય સંસ્થાઓની મદદથી સાબરમતી આશ્રમ નજીક યોજાનાર કાર્યક્રમમાં વડાપ્રધાન રાજચંદ્રજી પર એક ટપાલ ટિકિટ સાથે સ્પેશિયલ કે કવર તેમજ કોઈને (સિક્કા) ની રજૂઆત કરશે.



શ્રીમદ રાજચંદ્રની 150મી જયંતિની ધરમપુર આશ્રમ દ્વારા ઉજવણીના ભાગરૂપે મહાત્મા તથા શ્રીમદ રાજચંદ્રના આધ્યાત્મ સંબંધોની કથાને નાટક 'યુગપુરુષ મહાત્માના મહાત્માનું નિર્માણ' સ્વરૂપે રજૂ કરાયું છે.

### યુવાનોનું કૌશલ્ય નિખારવા માટે નારંગે એકેડમીની સ્થાપના કરી

ઓલિમ્પિક મેડલ વિજેતા ગગન નારંગે લખનૌમાં પોતાની નવી એકેડમી શરૂ કરી દેશના યુવાન કૌશલ્ય ધરાવતા શૂટરોને ઉચ્ચ સ્તરની સુવિધાઓ અને રમત વિજ્ઞાન સંબંધી મદદ પ્રદાન કરવા માટે એક મહત્વપૂર્ણ શરૂઆત કરી છે. નારંગની ગન ફોર ગ્લોરી શૂટિંગ એકેડમીનું




ઉત્તર પ્રદેશની રાજધાનીમાં ઉદઘાટન કરવામાં આવ્યું હતું. હાલ આ એકેડમીના એર રાઈફલ અને એર પિસ્ટલનું પ્રશિક્ષણ આપવામાં આવશે. તેનું લક્ષ્ય ભવિષ્યમાં શૂટિંગની અન્ય સ્પર્ધાઓનું પણ પ્રશિક્ષણ પણ અહીં શરૂ કરવાની યોજના છે.

### યુનેસ્કોએ શારજાહને ધી વર્લ્ડ બુક કેપિટલ 2019નો ખિતાબ આપ્યો

યુનેસ્કો એ સંયુક્ત અરબ અમીરાતના શહેર શારજાહની ધી વર્લ્ડ બુક કેપિટલ 2019ના ખિતાબ માટે પસંદગી કરી છે. શારજાહ આ સન્માન મેળવનાર ગલ્ફનું પ્રથમ શહેર બની ગયું છે સાથે જ અરબી અને મધ્યપૂર્વ દેશોમાં ત્રીજો દેશ બની ગયો છે. શારજાહને સાહિત્ય અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું સમર્થન કરવા અને પુસ્તકોને વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ બદલ પસંદ કરાયું છે.

### નાગાલેન્ડમાં લીજિત્સૂની સરકાર બરતરફ, જેલિયાંગ નવા મુખ્યમંત્રી

નાગાલેન્ડના ગવર્નર પીબી આચાર્ય બુધવારે વિધાનસભામાં બહુમત ન સાબિત કરી શકતા 5 મહિના જૂની શુરહોજેલી લીજિત્સુની સરકાર બરતરફ કરી દીધી. નાગા પીપલ્સ ફ્રન્ટના ટીઆર જેલિયાંગ નવા મુખ્યમંત્રી બની ગયા છે.

### ખાનગી ક્ષેત્રની નર્સને હવે સરકારી નર્સ જેટલો જ પગાર

200 બેડ ધરાવતી ખાનગી હોસ્પિટલોની નર્સોને સરકારી નર્સ જેટલો જ પગાર મળશે. બીજી બાજુ 100 બેડની ખાનગી હોસ્પિટલની નર્સોને પગાર તેમનાથી 10% અને 50 બેડ ધરાવતી ખાનગી હોસ્પિટલોમાં 25% ઓછો હશે.

### પોષણ સુધા યોજના પાયલોટ પ્રોજેક્ટનો 5 જિલ્લામાં આરંભ

રાજ્યની મહિલાઓને પોષણક્ષમ આહાર પુરો પાડવા માટે રાજ્ય સરકારે પોષણ સુધા યોજના (સ્પોટ ફીડીંગ પ્રોગ્રામ) નો અભિગન અપનાવ્યો છે. જે અંતર્ગત

Astha Academy Mo. 8980961441

રાજ્યના વલસાડ, છોટાઉદેપુર, મહિસાગર, નર્મદા અને દાહોદ જિલ્લાના 10 તાલુકાઓમાં તેની પાયલોટ પ્રોજેક્ટ તરીકે શરૂઆત કરવામાં આવી છે. આ પાંચેય જિલ્લાઓમાં 5,414 જેટલી સગર્ભાઓને પોષણક્ષમ ભોજન અપાઈ રહ્યું છે. આ તમામને એક કિલો સુખડીનું પેકેટ પણ અપાયું છે.

**ગીર ગાયના સંવર્ધન માટે ભૂતવડમાં ફ્રોઝન સિમેન કેન્દ્ર બનશે**

**આરોગ્ય ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી બદલ ગુજરાતને બે એવોર્ડ**

રાજ્ય સરકાર દ્વારા છેવાડાના માનવીને આંતરિયાળ વિસ્તારોમાં અપાતી સમયસર આરોગ્ય સેવાની રાષ્ટ્રિય સ્તરે નોંધ લેવાઈ છે. કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાત સરકારને બે એવોર્ડ અપાયા છે. ઓપીડી (આઉટ પેશન્ટ) સર્વિસ ક્ષેત્રે ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને રહ્યું છે. તે જ રીતે આઈપીડી (ઈનડોર પેશન્ટ) સર્વિસ ક્ષેત્રે ત્રીજુ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

**યૂએસ ઓપનની ઈનામી રકમ વધીને 5.04 મિલિયન ડોલર થઈ**


વર્ષના ચોથા ગ્રાન્ડસ્લેમ યૂએસ ઓપનની ઈનામી રકમમાં વધારો કરવામાં આવ્યો છે. આ હાર્ડ કોર્ટ ટેનિસ ટૂર્નામેન્ટની ઈનામી રકમ વધારીને 5.04 મિલિયન ડોલર લગભગ (323 કરોડ રૂપિયા) કરવામાં આવી છે. યૂનાઈટેડ સ્ટેટ ટેનિસ એસોસિયેશને (યુએસટીએ) આ વાતની જાણકારી આપી હતી. એક નિવેદનમાં યુએસટીએ જણાવ્યું હતું કે ટૂર્નામેન્ટની ઈનામી રકમ 40 લાખ ડોલર વધી છે. આથી આ ટૂર્નામેન્ટ બીજાની સરખામણીએ મોંઘી થઈ ગઈ છે. યૂએસ ઓપનમાં મેન્સ અને વિમેન્સ સિગંલ્સના વિજેતાને 37-37 લાખ ડોલરની ઈનામી રકમ મળશે. 28 ઓગસ્ટથી યૂએસ ઓપનનો પ્રારંભ થશે અને 10 સપ્ટેમ્બરે સમાપ્ત થશે.

**છટ્ઠી યુથ કોમનવેલ્થ ગેમ્સનો પ્રારંભ, ભારતને જૂડોમાં ગોલ્ડ**

છટ્ઠી કોમનવેલ્થ યુથ ગેમ્સનો પ્રારંભ થઈ ચૂક્યો છે અને પ્રથમ દિવસે જ ભારતને જૂડોમાં એક ગોલ્ડ તથા 3 બ્રોન્ઝ મળ્યા હતા. સોનીએ 73 કિલોગ્રામ કેટેગરીમાં ગોલ્ડ જીત્યો હતો. તેણે ફાઈનલ બાઉટમાં ઓસ્ટ્રેલિયાની નિકોલિક ઉરોસને હરાવી હતી. આશીષે 60 કિલોગ્રામમાં, અંતિમ યાદવે 48 તથા રુબીનાદેવી ચનામે 57 કિલોગ્રામ કેટેગરીમાં બ્રોન્ઝ જીત્યો હતો. 23મી જુલાઈ સુધી યોજાનારી આ ગેમ્સમાં 64 દેશના 1034 ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. છ દેશોએ પોતાના ખેલાડીઓને મોકલ્યા નથી. ટૂર્નામેન્ટની નવ ગેમ્સમાં 105 ઈવેન્ટ યોજાશે. આ રમતોમાં એથ્લેટિક્સ, બોક્સિંગ, રગ્બી સેવન્સ, બીચ સોકર, સાઈકિલંગ, સ્વિમિંગ, બીચ વોલીબોલ, જૂડો તથા ટેનિસનો સમાવેશ થાય છે. આ ગેમ્સ અગાઉ સેન્ટ લ્યૂસિયામાં યોજાવાની હતી.

**કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી જોગવાઈ**

**બંધારણીય બેન્ચ કલમ 35Aની સુનાવણી કરશે**




જમ્મુ-કાશ્મીરના નાગરિકોને વિશેષ અધિકાર આપતી કલમ 35 -એ ની કાયદેસરતા અંગે સુપ્રીમકોર્ટની 5 જજની બંધારણીય બેન્ચ સુનાવણી કરશે. જસ્ટીસ દીપક મિશ્રા-એ.એમ. ખાનવિલકરની બેન્ચે આ સંકેત આપ્યા હતા.

**બધી અરજીઓની સાથે સુનાવણી, આ મુદ્દે મહેબૂબા મોદીને મળી ચૂક્યા છે**

બેન્ચે જણાવ્યું કે કલમ 35એ કાયદાની શક્તિઓથી ઉપર છે કે પછી તેને પ્રક્રિયાઓનું ઉલ્લંઘન કરી લાગુ કરાઈ હતી તે ચકાસવા સંવિધાનની બેન્ચને રિફર કરી શકાય છે.

અ અંગેની નવી અરજીની સાથે પડતર અરજીઓની પણ સુનાવણી થશે. આગામી સુનાવણી 29 ઓગસ્ટે થશે. એક પિટિશન ચારુ વાલી ખન્ના દ્વારા હાલમાં જ દાખલ કરવામાં આવી છે. તેણે 35-એની કલમ અને જમ્મુ-કાશ્મીરની ધારા 6ને સુપ્રીમમાં પડકારી છે. જ્યારે બીજી ત્રણ જજની બેન્ચની પાસે પહેલાંથી જ પેન્ડિંગ છે. સુપ્રીમકોર્ટે આ કેસને લિસ્ટેડ કર્યો છે.

**વલસાડમાં પણ રિવરફ્રન્ટ કેન્દ્રીય મંત્રીની જાહેરાત**

વલસાડ શહેર સહિત ઔરંગાનદીના તટીય વિસ્તાર તીથલ સુધીના તટીય વિસ્તારમં રિવરફ્રન્ટનો પ્રોજેક્ટ સાકાર કરવા કેન્દ્રિય જળ સંશોધન વિભાગના મંત્રી ઉમા ભારતીએ વલસાડના સાંસદને ખાત્રી આપી છે. મંત્રીએ આ પ્રોજેક્ટનો સરવે કરી તેના એસ્ટિમેઈટ સહિતનો રિપોર્ટ મોકલી તેને મંજૂરી આપવાની ખાત્રી આપતા વલસાડના આ પ્રોજેક્ટને મંજૂરી મળવાની તૈયારી થઈ ગઈ છે.

**85 વર્ષમાં પહેલીવાર વિદેશમાં ક્લીનસ્વીપ**

**ત્રીજી ટેસ્ટમાં શ્રીલંકા સામે ભારતનો એક ઈનિંગ અને 171 રને વિજય, શ્રેણી 3–0થી જીતી**

**ભારત : 487**

**શ્રીલંકા : 135–181**



ટીમ ઈન્ડિયાએ ત્રીજી ટેસ્ટ મેચના ત્રીજા જ દિવસે શ્રીલંકાને એક દાવ અને 171 રનથી હરાવીને શ્રેણી 3–0થી ક્લીન સ્વીપ કરી લીધી છે. ભારતીય ટીમે 85 વર્ષના તેના ઈતિહાસમાં પહેલી વખત વિદેશમાં ત્રણ અથવા તેનાથી વધુ મેચોની શ્રેણીમાં ક્લીન સ્વીપ કરી છે.

**સ્યુસાઈડ ગેમ બ્લૂ વ્હેલ ચેલેન્જ પર પ્રતિબંધ**

**પ્રતિબંધ મૂકનાર ભારત સંભવિત પ્રથમ દેશ**

બાળકોને પોતાના જાળમાં ફસાવી આપઘાત માટે ઉશ્કેરતી ગેમ બ્લૂ વ્હેલ ચેલેન્જ પર સરકારે પ્રતિબંધ મૂકી દીધો છે. તેમાં ફસાઈને મુંબઈ અને પશ્ચિમ બંગાળમાં એક–એક બાળક આપઘાત કરી ચૂક્યો છે. જોકે ઈન્દોરથી બે અને પૂણેથી એક બાળકને બચાવી લેવાંયા છે. આ ગેમના વધતાં જોખમને જોતાં કેરળ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર સહિત દેશના મોટા ભાગનાં રાજ્યોએ તેના પર પ્રતિબંધ મૂકવાની માગણી કરી હતી. કેન્દ્ર સરકારે તેના પર પ્રતિબંધ મૂકવાની સાથે જ સોશિયલ મીડિયા પ્લેટફોર્મને નિર્દેશ આપ્યો છે. કે તેને તાત્કાલિક ધોરણે દૂર કરવામાં આવે. તેમને કહેવાયું છે કે જો કોઈ તેનો ઉપયોગ કે સર્ચ કરી રહ્યું હોય તો તેને તાત્કાલિક બંધ કરી નાખે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે આ ગેમ અંગે ઈન્ફર્મેશન ટેક્નોલોજી મંત્રી રવિશંકર પ્રસાદ પાસે ઘણી ફરિયાદો આવી હતી.

**એડ્રેસ બનાવી લીધાં**

બ્લૂ વ્હેલ ગેમ બનાવનારાઓએ પ્રતિબંધની આશંકાએ અગાઉથી જ અનેક પ્રોક્સી યુઆરએલ કે બનાવટી આઈપી એડ્રેસ બનાવી લીધાં છે. આ ઉપરાંત તે સોશિયલ મીડિયાનો પણ ઉપયોગ કરી રહ્યા છે. તેના વિશે ગૂગલ અને એપલે ભાસ્કરને જણાવ્યું કે તેમના પ્લેસ્ટોર પર આ ગેમ ઉપલબ્ધ નથી. ગૂગલના પ્રવક્તા ગૌરવ ભાસ્કરે કહ્યું કે હિંસક ગેમ અમારી નીતિ વિરુધ્ધ છે. એપલના પ્રવક્તા આનંદ ભાસ્કરને પણ કહ્યું કે અમે આવી ગેમ પ્લેટફોર્મ પર રાખતાં જ નથી.

**વડોદરામાં ગુજરાતના સૌથી ઊંચા રાષ્ટ્રધ્વજનું મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ**

વડોદરામાં 70 મા સ્વતંત્રતા પર્વની રાજ્યસ્તરીય ઉજવણી અંતર્ગત સોમવારે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સમા તળાવ ખાતે સ્થપાયેલા ગુજરાતના સૌથી ઊંચા 67 મીટરની ઉંચાઈ ધરાવતા રાષ્ટ્રધ્વજનું લોકાર્પણ કર્યુ હતું.

**રોજરફેડરર અપસેટનો શિકાર ઝેવેરેવ મોન્ટ્રિયલમાં ચેમ્પિયન**

જર્મનીના નવોદિત સ્ટાર એલેક્ઝાન્ડર ઝેવેરેવે સ્વિટ્ઝર્લેન્ડના દિગ્ગજ ખેલાડી રોજર ફેડરરને ફાઈનલમાં અપસેટનો શિકાર બનાવીને મોન્ટ્રિયલ માસ્ટર્સ ટેનિસ ટૂર્નામેન્ટનું ટાઈટલ જીતી લીધું હતું. ઝેવેરેવે ફાઈનલમાં 6–3, 6-4થી વિજય હાંસલ કર્યો હતો. જર્મન ખેલાડીએ કારકિર્દીમાં આ બીજું એટીપી ટાઈટલ જીત્યું છે. તેણે ચાલુ વર્ષની શરૂઆતમાં રોમ માસ્ટર્સ ટ્રોફી જીતી હતી.

**વર્લ્ડ એથ્લેટિક્સમાં US ટોચના ક્રમે**

**મેન્સ 4 બાય 400 મીટર રિલે રેસમાં ત્રિનિદાદ એન્ડ ટોબેગોને ગોલ્ડ મેડલ**

**વોઝનિયાકીને હરાવી રોજર્સ કપમાં સ્વિટોલિના ચેમ્પિયન**

યુક્રેનની ટેનિસ સ્ટાર ઈલેના સ્વિટોલિનાએ ડેનમાર્કની કેરોલિન વોઝનિયાકીને ફાઈનલમાં 6–4, 6-0થી હરાવીને રોજર્સ કપ ટૂર્નામેન્ટનું ટાઈટલ જીતી લીધું હતું. આ તેની કારકિર્દીનું નવમી ડબ્લ્યૂટીએ ટાઈટલ છે.

**ખુલે મેં શૌચ સે આઝાદી**

**સપ્તાહ ઉજવણી**

**તા. 15–08–2017 થી તા. 21–08–2017**

**ખુલે મેં શૌચ સે આઝાદી સપ્તાહનો શુભારંભ – ગ્રામ પંચાયત કક્ષાએ**

| | |
|---|---|
| **15–08–2017** | **પ્રભાત ફેરી/સ્વચ્છતા રેલી/સ્વચ્છતા શપથનું આયોજન** |
| **16–08–2017** | **નિગરાની સમિતિ બેઠક યોજવી અને ઘેર–ઘેર મુલાકાતનું આયોજન તથા પોસ્ટર/બેનર લગાવવા.** |
| **17–08–2017** | **ભીંત સૂત્રો/ચિત્રો તૈયાર કરવા અને શેરી નાટક/ભવાઈનું આયોજન** |

Astha Academy Mo.8980961441

| | |
|---|---|
| 18–08–2017 | ફિલ્મ, સ્પોટ તથા વિડિયો ક્લિપનું નિદર્શન |
| 19–08–2017 | ચિત્ર/ક્વિઝ/રમત ગમત/પત્ર લેખન/નિબંધ/વકતૃત્વ અને ગીત સ્પર્ધાનું આયોજન |
| 20–08–2017 | સ્વચ્છતા દિનની ઉજવણી/ફળીયા વાર સ્વચ્છતા સ્પર્ધાનું આયોજન અને સામુહિક વૃક્ષારોપણની કામગીરી |
| 21–08–2017 | Social Media મારફત પ્રચાર પ્રસાર અંગેની કામગીરી |

**સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) ની સિધ્ધિઓ**

- કુલ 33 જિલ્લા પૈકી 26 જિલ્લા ખુલ્લામાં શૌચ મુક્ત
- દાહોદ અને બનાસકાંઠા જિલ્લામાં 75 ટકાથી વધુ ખુલ્લામાં શૌચ મુક્ત અંગેની કામગીરી પૂર્ણ
- કુલ 247 તાલુકા પૈકી 169 તાલુકા ખુલ્લામાં શૌચ મુક્ત
- Geo Tagging માં 91.14% કામગીરી સાથે રાષ્ટ્ર કક્ષાએ ગુજરાતનો ત્રીજો ક્રમાંક
- કુલ 14057 ગ્રામ પંચાયત પૈકી 13232 ગ્રામ પંચાયત ખુલ્લામાં શૌચ મુક્ત
- 2012ના બેઝલાઈન સર્વે મુજબ કુલ લક્ષ્યાંક 33.10 લાખની સામે 32.12 લાખ વ્યક્તિગત શૌચાલયોનું નિર્માણ (તા. 14–08–2017 અંતીત)

**વિશ્વની સૌથી વૃધ્ધ વ્યક્તિનું નિધન**

ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં નામ નોંધાવી ચૂકેલા વિશ્વના સૌથી વૃધ્ધ વ્યક્તિ ઈઝરાયેલ ક્રિસ્ટલે છેલ્લા શ્વાસ લીધા છે. 113 વર્ષના ક્રિસ્ટલ 1 મહિના બાદ તેમનો 114મો જન્મદિન મનાવવાની તૈયારી કરી રહ્યા હતા.

**નેશનલ સાઈબર સેન્ટર વેબ ટ્રાફિકનું નિરીક્ષણ કરશે**

દેશભરના વેબ ટ્રાફિકનું નિરીક્ષણ કરવા માટે નેશનલ સાઈબર કો–ઓર્ડિનેશન સેન્ટરની રચના કરાઈ છે અને તેનો પ્રથમ તબક્કો શરૂ થઈ ગયો છે. તેની રચના સાઈબર સુરક્ષાના ખતરાથી દેશને બચાવવા માટે કરાઈ છે.

**જાડેજાને બદલે અક્ષર ટીમમાં, પ્રથમ ટેસ્ટ રમશે**

શ્રીલંકા વિરુદ્ધ શનિવારથી શરૂ થતી ત્રીજી અને અંતિમ ટેસ્ટ મેચમાં રવીન્દ્ર જાડેજાને બદલે અક્ષર પટેલને ટીમમાં સમાવાયો છે. અત્યાર સુધી 30 વન–ડે અને 7 ટ્વેન્ટી–20 મેચ રમી ચૂકેલા અક્ષરની આ પ્રથમ ટેસ્ટ મેચ છે.

**નજમ સેઠી પીસીબીના નવા અધ્યક્ષ બન્યા**

પાક. ના પત્રકાર નજમ સેઠી પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના નવા અધ્યક્ષ તરીકે ચૂંટાયા છે. PCBના બોર્ડ ઓફ ગવનર્સે બુધવારે તેમની 3 વર્ષ માટે અધ્યક્ષ તરીકે નિમણુંક કરી છે. સેઠી પાકિસ્તાન સુપર લીગ (ટ્વેન્ટી–20) ટૂર્નામેન્ટના વડા પણ છે.

**પૂર્વકેન્દ્રીય મંત્રી, ભાજપ નેતા સાંવરલાલ જાટનું નિધન**

પૂર્વ કેન્દ્રીય મંત્રી તથા ભાજપ સાંસદ સાંવરલાલ જાટ (62) નું બુધવારે એઈમ્સમાં નિધન થયું. મોદી સરકારમાં જળ સંસાધન રાજ્યમંત્રી રહી ચૂકેલા જાટ ગત અઠવાડિયે કોમામાં હતા. જાટ 22 જુલાઈથીએ અમિત શાહની અધ્યક્ષતામાં જયપુરમાં બેઠકમાં બેભાન થી ગયા હતા.

**મહારાષ્ટ્ર માં 1 વર્ષમાં 58મો મરાઠા મોરચો, મુદ્દો – અનામત, દુષ્કર્મીને ફાંસી**

**મુંબઈમાં લીડર વિના છ લાખ મરાઠાઓએ છ કલાક સુધી છ કિમી લાંબો સૌથી મોટો મોરચો કાઢ્યો**

**રાજ્યમાં 30% વસતી, અડધા ધારાસભ્યો પણ મરાઠા**

રાજ્યની વસતીમાં 30% મરાઠા છે. 17 મુખ્યમંત્રીમાંથી 10 મરાઠા છે. અડધા ધારાસભ્યો પણ આ વર્ગથી જ.

50% શિક્ષણ સંસ્થા મરાઠાઓની છે. પ્રદેશની 200 શુગર ફેક્ટરીમાંથી 168 પણ તેમની જ છે. 70% કો–ઓપરેટિવ બેન્ક પર તેમનો કબજો છે.

**16% અનામત મળી હતી પણ હાઈકોર્ટ રદ કરી હતી**

મહારાષ્ટ્ર ઓબીસી પંચે 2008માં કહ્યું હતું કે મરાઠા આર્થિક અને રાજકીય રીતે ફોરવર્ડ કાસ્ટ છે.

2014માં કોંગ્રેસ–એનસીપી સરકારે 16% અનામત નક્કી કરી હતી પરંતુ બોમ્બે હાઈકોર્ટે રદ કરી દીધું.

**નિએકર્કે 43.98 સેકન્ડના સમય સાથે ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો**

**વિમેન્સ જ્વેલિન થ્રોમાં સ્પોટકોવાને ગોલ્ડ**

વિમેન્સ જ્વેલિન થ્રોમાં ચેક રિપબ્લિકની 36 વર્ષીય બાર્બોરા સ્પોટકોવાએ ગોલ્ડ મેડલ જીત્યો હતો.

**વિમેન્સ જ્વેલિન થ્રોમાં સ્પોટકોવાને ગોલ્ડ**

વિમેન્સ જ્વેલિન થ્રોમાં ચેક રિપબ્લિકની 36 વર્ષીય બાર્બોરા સ્પોટકોવાએ ગોલ્ડ મેડલ જીત્યો હતો. બાર્બોરાએ

Astha Academy Mo.8980961441

66.76 મીટરનો થ્રો કરી પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો. ચીનની લિંગવેઇ લીએ સિલ્વર મેડલ (66.25 મીટર) અને હુઇહુઇએ બ્રોન્ઝ મેડલ (66.26 મીટર) મેળવ્યો હતો.

**પીવી સિંધૂએ આંધ્રમાં ડેપ્યુટી કલેક્ટરનો કાર્યભાર સંભાળ્યો**

બેડમિન્ટન ખેલાડી પીવી સિંધૂએ બુધવારે આંધ્ર પ્રદેશમાં ડેપ્યુટી કલેક્ટરનો કાર્યભાર સંભાળ્યો હતો. ઓલિમ્પિકમાં સિલ્વર મેડાલિસ્ટ સિંધૂએ ગોલાપુડીમાં રાજ્ય સચિવાલયમાં કાર્યભાર સંભાળ્યો હતો. તેણે ચીફ કનિશનર ઓફ લેન્ડ એડમિનિસ્ટ્રેશન (સીસીએલએ) ના કાર્યાલય પહોંચી પોતાનું પદ ગ્રહણ કર્યું હતું. સિંધૂએ સીસીએલના ચીફ કમિશનર અનિલ ચંદ્ર પુનેથાને રિપોર્ટ કર્યો અને બાદમાં ઔપચારિક રીતે સેવામાં સામેલ થવા માટે પ્રાસંગિક દસ્તાવેજો પર સિગ્નેચર કર્યા હતા. સિંધૂ સાથે તેના માતા-પિતા પણ હાજર રહ્યા હતા. મુખ્યમંત્રી એન ચંદ્રબાબુ નાયડુએ 29 જુલાઈના રોજ સિંધૂએ કોલ લેટર આપ્યો હતો.

**પૂર્વ મહિલા ક્રિકેટર તનવીર શેખે ઈરફાન ઉપર પીએચ.ડી કરી**

**રિયલ મેડ્રિડ યૂરોપિયન સુપર કપમાં ચેમ્પિયન**

**સંરક્ષણ મંત્રાલયે 20,000 કરોડનું વધુ બજેટ માગ્યું**

ભારત અને ચીન વચ્ચે સરહદે ચાલી રહેલા તણાવના કારણે સંરક્ષણ મંત્રાલયે કેન્દ્ર પાસેથી યુદ્ધની સ્થિતિ માટે 20 હજાર કરોડ રૂપિયાનું વધારાનું બજેટ માગ્યું છે. આ વર્ષે સરકારે સંરક્ષણ બજેટ 6 ટકા વધારીને રૂપિયા 2.74 લાખ કરોડ રૂપિયા નક્કી કર્યું હતું. સૂત્રોના અહેવાલ અનુસાર સંરક્ષણ મંત્રાલયને કેન્દ્ર સરકાર પાસેથી આ બજેટની અડધી રકમ મળી ગઈ અને તેમાંથી ત્રીજો હિસ્સો ખર્ચ પણ થઈ ગયો છે. જો કે ડોકલામમાં સ્થિતિને ધ્યાન રાખતા વધુ બજેટ માગવામાં આવ્યું છે.

**સિંગલ વિન્ડો સિસ્ટમમાં વિલંબ થશે તો અધિકારી સામે પગલાં લઈ શકાશે**

વિધાનસભાના બે દિવસના ચોમાસુ સત્રના બીજા અને છેલ્લા દિવસે ચાર સુધારા વિધેયકો વિપક્ષની ગેરહાજરીમાં પસાર કરાયા હતા. ઔદ્યોગિક વિકાસને ધ્યાને રાખીને મૂડી રોકાણ માટે આવતા ઉદ્યોગકારોને એક જ સ્થળેથી જરૂરી પરવાનગી મળી રહે તે હેતુથી ગુજરાત સિંગલ વિંડો ક્લીયરન્સ વિધેયક પસાર કરાયું હતું. સમય મર્યાદામાં કામ ન થાય તેવા સંજોગોમાં સત્તાધિકારી સામે પગલાં લેવાની જોગવાઈ બિલમાં કરાઈ છે.

ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા અધિનિયમની કલમ 29માં સુધારા કરતું વિધેયક પણ પસાર કરાયું હતું. આ જોગવાઈ પ્રમાણે કોઈ જમીન ફાળવાઈ હોય તે કિસ્સામાં તેની આસપાસના વિસ્તારમાં તેટલા જ પ્રમાણમાં ખેતીની જમીન ઉપલબ્ધ કરાવવી પડશે. શહેરી જમીન ટોચ મર્યાદા કાયદામાં બે સુધારો કરતું વિધેયક પસાર કરાયું હતું. સુધારા મુજબ ભોગવટો ધરાવનારે નોટિસ મળ્યેથી સરકાર નક્કી કરે તે મુદ્દતમાં ચુકવણી કરી શકાશે.

**બ્રિટિશ સ્વિમર લુઈસે આર્કટિકના બરફના સમુદ્રમાં માઈનસ 0.5 ડિગ્રીમાં 22 મિનિટમાં એક કિમી તરીને રેકોર્ડ સર્જ્યો. એક કલાક હોટ શાવર બાદ નોર્મલ થયો**

**સિંધુ જળસંધિ મુદ્દે પાકને આંચકો**

**300 મેગાવોટનો કિશનગંગા પ્રોજેક્ટ ઝેલમ અને 850 મેગાવોટનો રાતલે પ્રોજેક્ટ ચિનાબ નદી સાથે જોડાયેલો છે**

સિંધુ જળસંધિ મુદ્દે વર્લ્ડ બેન્કે પાકિસ્તાનને મોટો આંચકો આપ્યો છે. વર્લ્ડ બેન્કે એક ફેક્ટશીટ પ્રસિદ્ધ કરીને સ્પષ્ટ કર્યુ છે કે આ સંધિ હેઠળ ભારત પશ્ચિમી નદીઓ પર હાઈડ્રોપાવર પ્રોજેક્ટ સ્થાપી શકે છે. હકીકતમાં જમ્મુ-કાશ્મીરમાં પ્રસ્તાવિત કિશનગંગા અને રાતલે પાવર પ્રોજેક્ટની ડિઝાઈન સામે પાકિસ્તાનને વાંધો છે. તે અંગે પાકિસ્તાને ગયા વર્ષે બેન્કમાં ફરિયાદ કરી હતી. તેની માગ હતી કે 57 વર્ષીય જૂની જળસંધિમાં મધ્યસ્થ વર્લ્ડ બેન્ક આ ચિંતાઓના સમાધાન માટે એક મધ્યસ્થ અદાલતની રચના કરે. આ મુદ્દે આ સપ્તાહે જ બંને દેશ વચ્ચે સચિવ સ્તરીય મંત્રણા થઈ હતી. ફેક્ટશીટમાં વર્લ્ડ બેન્કે કહ્યું કે બંને દેશ વચ્ચે વાતચીત સારી રહી હતી. સપ્ટેમ્બરમાં ફરીવાર મંત્રણા થશે.

**ત્રણ નદીનું પાણી ભારતને અને ત્રણનું પાક. ને મળે છે**

પાણીની વહેંચણી પર ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલી સિંધુ જળસંધિમાં વર્લ્ડ બેન્ક મધ્યસ્થ હતી. કરાચીમાં 19 સપ્ટેમ્બર, 1960ના રોજ ભારતના વડાપ્રધાન જવાહરલાલ નેહરુ અને પાકિસ્તાની રાષ્ટ્રપતિ અયુબ ખાને સહી કરી હતી. સમજૂતીમાં છ નદીઓ સામેલ છે. પૂર્વની ત્રણ નદીઓ બિયાસ, રાવી અને સતલુજનું નિયંત્રણ ભારત અને પશ્ચિમની ત્રણ નદીઓ સિંધુ, ચિનાબ અને ઝેલમનું નિયંત્રણ પાકિસ્તાનને અપાયું હતું.

**બંને પ્રોજેક્ટ 1,180 મેગાવોટના છે**

ભારત જમ્મુ-કાશ્મીરમાં ઝેલમ અને ચિનાબની સહાયક નદીઓ કિશનગંગા અને રાતલે પર હાઈડ્રોપાવર પ્રોજેક્ટ સ્થાપી રહ્યું છે. કિશનગંગા પ્રોજેક્ટ 330 મેગાવોટ,

રાતલે 850 મેગાવોટનો છે. સંધિમાં સિંધુ નદીને પશ્ચિમી નદીઓ તરીકે વ્યાખ્યાઈત કરાઈ છે. પાકિસ્તાન પર તેમના પાણીના ઉપયોગ મુદ્દે કોઈ પ્રતિબંધ નથી. જ્યારે ભારત જે રૂપમાં આ નદીના પાણીનો ઉપયોગ કરી શકે છે. તેમાં હાઈડ્રોપાવર પ્રોજેક્ટ પણ છે.

**રેપૉરેટ 6 વર્ષના 6%ના તળિયે, હોમ, ઓટો અને પર્સનલ લોન સસ્તી થશે**

RBI એ રેપો રેટ 0.25 ટકા, રિવર્સ રેપૉરેટ 5.75 ટકા કર્યો, 20-50 લાખની હોમલોન ઉપર મહિને રૂ. 314–784નો ફાયદો થઈ શકે.

**પૂર્વ કેન્દ્રીય મંત્રી સંતોષ મોહનદેવનું નિધન**

પૂર્વ કેન્દ્રીય મંત્રી તથા સાત વખત કોંગ્રેસના સાંસદ રહી ચૂકેલા સંતોષ મોહન દેવ (83) નું બુધવારે અહીં એક હોસ્પિટલમાં નિધન થયું. તેઓ મનમોહન સિંગ તથા પી.વી નરસિંહરાવના સમયે કેન્દ્રમાં મંત્રી રહી ચૂક્યા હતા.

**નગરનો 53માં વર્ષમાં પ્રવેશ સાદાઈથી ઉજવાયેલો બર્થડે**

તારીખ બીજી ઓગસ્ટ 1965ના દિવસે જીઈબી કોલોની ખાતે પાટનગર શહેરની પ્રથમ ઈંટ મુકાઈ હતી. બુધવારે શહેરે 53માં વર્ષમાં પ્રવેશ કર્યો હતો. બનાસકાંઠાની પુરની સ્થિતિમાં ઘણા નાગરિકો બેઘર બન્યા હોવાથી જન્મ દિવસ સાદાઈથી ઉજવવામાં આવ્યો હતો.

**પનગઢિયાનું નીતિપંચના ઉપાધ્યક્ષપદેથી રાજીનામું**

નીતિપંચના ઉપાધ્યક્ષ અરવિંદ પનગઢિયાએ રાજીનામું આપી દીધું છે. તેઓ 31 ઓગસ્ટ સુધી આ હોદ્દાએ રહેશે. અરવિંદે જણાવ્યું કે તેઓ શિક્ષણના ક્ષેત્રમાં પાછા જશે.

**અબ્બાસી 45 દિવસ માટે પાક. વડાપ્રધાન**

પાકિસ્તાનમાં આવેલા રાજકીય ભૂકંપ બાદ સત્તાધારી પાકિસ્તાન મુસ્લિમ લીગ – નવાજના શાહિદ ખાકન અબ્બાસીને દેશના વચગાળાના PM ચૂંટી લેવાયા છે. તેઓ 45 દિવસ પીએમ રહેશે. નેશનલ એસેમ્બલીમાં મંગળવારે તેની જાહેરાત કરાઈ હતી. અબ્બાસી સામે કુલ 6 ઉમેદવાર હતા, પણ અબ્બાસીએ વિપક્ષી ઉમેદવારને હરાવી દીધા હતા. તેમને 221 મત મળ્યા હતા.

**બીટકોઈન:ખોટાં કામોનું ચલણ રોકાણ માટે વિશ્વાસુ: 7 વર્ષમાં મૂલ્ય રૂ. 5થી 1.70 લાખ થયું**

વર્ચ્યુઅલ કરન્સી બીટકોઈનનો ડિજિટલ વોલેટમાં ઉપયોગ વધ્યો છે. ભારતમાં 1 બીટકોઈનની કિંમત આશરે રૂ. 1.70 લાખ જેટલી છે. ભારતમાં બીટકોઈનનો ઉપયોગ ગેરકાયદે છે. અમેરિકા, યુકે, ફ્રાન્સ, ચીન સહિતના દેશોમાં બીટકોઈનનો ઉપયોગ વધ્યો છે. ભારતમાં બીટકોઈનનો ઉપયોગ આમ તો મોટા ભાગે રોકાણ માટે કરવા માટે જ કરવામાં આવે છે પરંતુ તેનાથી ઓનલાઈન ખરીદી, ડોમેઈન રજિસ્ટ્રેશન, સોફ્ટવેરની ખરીદી ખૂબ જ ઝડપથી કરી શકાય છે.

**7 વર્ષમાં સોનું–ચાંદી, શેરમાર્કેટ કરતાં બીટકોઈનના રોકાણમાં હજાર ગણો વધારો**

અમદાવાદસ્થિત ઝેબ–પેના મેનેજર ઓમ સત્યાર્થીએ જણાવ્યું કે કેટલાંક વર્ષોમાં બીટકોઈનની કિંમતમાં સોના–ચાંદી, મિલકત, શેરમાર્કેટ કે અન્ય રોકાણ કરનારી વસ્તુઓ કરતાં હજાર ગણો વધારો જોવા મળ્યો છે. એટલે લોકો બીટકોઈન તરફ આકર્ષાયા છે. વર્ષ 2010માં એક બીટકોઈનની કિંમત માત્ર 6 રૂપિયા હતી જ્યારે ગત વર્ષે એની કિંમત રૂ. 30થી 40 હજાર જેટલી હતી. અત્યારે તે રૂ. 1.70 લાખ જેટલી થઈ ગઈ છે.

બીટકોઈન એક્સચેંજ દ્વારા ભારતમાં બીટકોઈનની ખરીદી અને વેચી શકાય છે. બીટકોઈનની કિંમતમાં શેર માર્કેટની જેમ આંતરરાષ્ટ્રીય બજાર પ્રમાણે વધારો–ઘટાડો જોવા મળે છે. બીટકોઈન એક્સચેન્જમાં જરૂરી દસ્તાવેજ રજૂ કર્યા બાદ તેમના અકાઉન્ટમાં પૈસા નાખવાના હોય છે. ત્યાર બાદ તમને બીટકોઈન એડ્રેસ અને બીટકોઈનનું રૂપિયા પ્રમાણે બેલેન્સ મળે છે જેમાંથી તમે વિશ્વભરમાં ખરીદી કે લે–વેચ કરી શકાય છે.

**નેગેટિવ ઉપયોગે ચર્ચા જગાવી**

ડિજિટલ ઈન્ડિયા અને રોકાણ માટે વર્ચ્યુઅલ મની બીટકોઈન સારો વિકલ્પ છે પરંતુ તેના નેગેટિવ ઉપયોગને લીધે હંમેશા ચર્ચામાં રહે છે. બીટકોઈન જોખમી છે કે ફાયદાકારક એ એના ઉપયોગકર્તા પર નિર્ભર કરે છે.

**બીટકોઈન આપી ગીટાર શીખ્યો**

બધી મિલકત અને વળતર આપનારી સ્કિમ કરતાં બીટકોઈનમાં વળતર વધુ મળતું હોવાથી 4 વર્ષ પહેલાં રોકાણ કર્યું. બીટકોઈનથી અનેક વરા ઓનલાઈન ખરીદી કરી છે. ગીટાર શીખવાની ફી પણ બીટકોઈનમાં આપી હતી.

**બીટકોઈનની લોન આપું છું**

Astha Academy Mo. 8980961441

બીજી મિલકત કરતાં બીટકોઈનમાં વળતર વધુ હોવાથી વર્ષ 2016માં ખરીદ્યો છે. હું બીટકોઈનની લોન આપું છું.

**ગુજરાતના ટોપ ગોલ્ફર સિદ્ધાર્થ નાયકનું નિધન**

ગુજરાતના ટોચના ગોલ્ફર સિદધાર્થ નાયકનું સોમવારે મોડી રાત્રે નિધન થયું હતું. તેમણે ગુજરાતના ગોલ્ફ માટે મોટું યોગદાન આપીને ઘણા યુવા ગોલ્ફર્સને તૈયાર કર્યા હતા.

**છેલ્લા 12 દિવસથી ખેડૂતો ઉપવાસ પર**
**ઈકોઝોન મુદ્દે ગીરનાં ગ્રામ્ય પંથકમાં ઉકળતો લોકરોષ**

તાલાલા તાલુકા સહિત ઈકોઝોન મુદ્દે અંતરનાં અન્યાયનો ભોગ બનેલા ગીરનાં ગ્રામ્ય પંથકમાં ઈકોઝોન સામે લોકરોષ ઉકળી રહ્યો છે. ઈકોઝોનનાં અન્યાય સામે ન્યાય મેળવવા તાલાલા મામલતદાર કચેરી સામે છેલ્લા બાર દિવસથી ધરણા કરી રહેલ જન અધિકાર મંચ અને ખેડુતોનાં ધરણાને સાંગોદ્રા અને ચીત્રાવડ ગામની ગ્રામ્ય પંચાયત અને ગ્રામજનોએ સમર્થન જાહેર કરી મહિલા ખેડુતો ટ્રેક્ટરોમાં તાલાલા આવેદનપત્ર આપવા આવેલ.

તાલાલા તાલુકાનાં સાંગોદ્રા અને ચીત્રાવડ ગામનાં સરપંચો અને ખેડુતો મોટી સંખ્યામાં તાલાલા આવેલ તાલાલા મામલતદાર મારફત મુખ્યમંત્રી ને પાઠવેલા આવેદનપત્રમાં માંગ કરેલ કે ઈકોઝોનની અંતરની મર્યાદા મુદ્દે તાલાલા તાલુકા સાથે ભારે અન્યાય થયો હોય તાકીદે ઈકોઝોન નાબુદ કરો.

**'બ્લુ વ્હેલ ગેમ' બંધ કરવી જરૂરી, કેન્દ્ર સાથે વાત કરીશ:ફડણવીસ**

બ્લુ વ્હેલ ગેમમાં અટવાયા બાદ અંધેરીમાં 14 વર્ષના બાળકે છ માળના મકાનની અગાશી પરથી ભૂસકો મારીને આત્મહત્યા કરવાના પ્રકરણના પડઘા મંગળવારે વિધાનસભામાં પણ પડ્યા હતા. આ જીવલેણ ગેમથી દેશમાં પ્રથમ પ્રથમ મોત મુંબઈમાં થયું હોવાની શંકા છે. આ અંગે રાષ્ટ્રવાદી કોંગ્રેસના નેતા અજિત પવારે મંગળવારે બ્લુ વ્હેલ ગેમને લીધે મંગળવારે બ્લુ વ્હેલ ગેમને લીધે ટીનેજરે જીવ ગુમાવવો પડ્યો તે મુદ્દો વિધાનસભામાં ઉપસ્થિત કર્યો હતો. સરકારે આગેવાની લઈને સમય આવ્યે કેન્દ્ર સરકાર સાથે સંપર્ક કરવાની જરૂર છે. પોતાના વજનનો ઉપયોગ કરીને દેશ સ્તરે બ્લુ વ્હેલ ગેમ સંપૂર્ણ બંધ કરવાનું જરૂરી છે.

**મહિલા ક્રિકેટ ટીમની સ્ટાર શીખા પાંડેને વાયુ સેનાએ સન્માનિત કરી**

**પેરિસ 2024માં, લોસ એન્જલસ 2028માં ઓલિમ્પિક ગેમ્સની યજમાની કરશે**

અમેરિકાનું લોસ એન્જલસે 2028ની ઓલિમ્પિકન ગેમ્સની યજમાની કરવાની તૈયારી દર્શાવતા હવે ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કાઉન્સિલે (આઈઓસી) પેરિસને 2024ની ઓલિમ્પિક ગેમ્સની યજમાની સુપરત કરી છે.

**ટોક્યોએ 2020 ગેમ્સના મસ્કોટની તૈયારી શરૂ**

2020માં યોજાનારી ટોક્યો ઓલિમ્પિકની આયોજન સમિતિએ મંગળવારથી મસ્કોટની ડિઝાઈન તૈયાર કરવાના પ્રસ્તાવને સ્વીકારવાની શરૂઆત કરી દીધી છે. પ્રોફેશનલ ડિઝાઈનર્સ, એશિયન દેશોના સિટીઝન્સ પણ મસ્કોટ ડિઝાઈનની કોમ્પિટિશનમાં ભાગ લઈ શકે છે. આગામી બે સપ્તાહમાં પોતાની ભલામણ ટોક્યો 2020ની વેબસાઈટ પર સબમીટ કરી દેવાની છે તેવી આયોજકોએ સમય મર્યાદા આપી છે.

**ભારતના ખેલાડીઓએ ડેફ ઓલિમ્પિકમાં 1 ગોલ્ડ સહિત પાંચ મેડલ જીત્યાં**

ડેફ ઓલિમ્પિક-2017માં શાનદાર પ્રદર્શન કર્યા પછી 46 ભારતીય ખેલાડીઓ તુર્કીના ઈસ્તંબુલથી સ્વદેશ પરત ફર્યા તો તેમના સ્વાગત માટે રમત મંત્રાલય તરફથી કોઈ પ્રતિનિધિ પહોંચ્યા ન હતા. જેથી ઓલિમ્પિકમાંથી પરત ફરેલા ખેલાડીઓ ગુસ્સે ભરાયા હતા અને તે એરપોર્ટની બહાર નીકળવા તૈયાર ન હતા અને ત્યાં જ ધરણા ઉપર બેસી ગયા હતા. ભારતના ખેલાડીઓએ ડેફ ઓલિમ્પિકમાં શાનદાર પ્રદર્શન કરતા એક ગોલ્ડ સહિત પાંચ મેડલ જીત્યા હતા.

ખેલાડી અને તેમનો સપોર્ટ સ્ટાફ એટલા માટે નારાજ હતો કે શાનદાર પ્રદર્શન છતાં તેમના ઉપર ધ્યાન આપવામાં આવ્યું ન હતું. ખેલાડીઓનું માનવું છે કે આમ પણ દેશમાં ક્રિકેટ સિવાય અન્ય સ્પોર્ટ્સ પર ઓછું ધ્યાન આપવામાં આવે છે. બેસ્ટ પ્રદર્શન કર્યું હોવા છતા સરકાર તરફથી કોઈ વ્યવસ્થા કરવામાં આવી ન હતી. ખેલાડીઓની આગેવાની પણ કરવામાં આવતી નથી. જે ઘણી શરમજનક વાત છે. અખિલ ભારતીય બધિર પરીષદના પ્રોજેક્ટ અધિકારી કેતન શાહે જણાવ્યું હતું કે આપણે ઓલિમ્પિક અને પેરા ઓલિમ્પિક ખેલાડીઓના સફળતાની ઉજવણી કરીએ છીએ પણ બધીર ખેલાડીઓને શાનદાર પ્રદર્શન છતાં

Astha Academy Mo. 8980961441

ઓળખ મળતી નથી. અમે રમત મંત્રી અને સાઈના મહાનિર્દેશક સાથે વાત કરવાનો પ્રયત્ન કર્યો હતો પણ કોઈએ અમારી વાત સાંભળી ન હતી. 23માં ડેફ ઓલિમ્પિકમાં ભારત તરફથી 46 ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં વીરેન્દ્ર સિંહે 74 કિગ્રા ફ્રીસ્ટાઈલમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ સિવાય ખેલાડીઓએ ચાર મેડલ મેળવ્યા હતા.

### પૂરગ્રસ્ત પૂર્વોત્તર માટે 2,350 કરોડનું પેકેજ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે ઉત્તર-પૂર્વના આસામ સહિતના પૂરગ્રસ્ત વિસ્તારોનું નિરીક્ષણ કર્યું હતું. વડાપ્રધાને પૂરગ્રસ્ત વિસ્તારો માટે 2,350 કરોડ રૂપિયાના રાહત પેકેજની જાહેરાત કરી હતી. તેમણે રાહત પેકેજની 250 કરોડ રૂપિયાની રકમ તત્કાળ આપવાની પણ જાહેરાત કરી હતી. વડાપ્રધાને આસામ, અરુણાચલ પ્રદેશ, મિઝોરમ, મણીપુર, નાગાલેન્ડ તથા ત્રિપુરામાં પૂરને કારણે મૃત્યુ થયું હોય એવી પ્રત્યેક વ્યક્તિના પરિવારજનોને બે લાખ રૂપિયાના વળતરની જાહેરાત પણ કરી હતી.

### યૂપી સરકાર 71,400 દીકરીઓનાં લગ્ન કરાવશે
### ગરીબ પરિવારો માટેની યોજના, 30 હજાર રૂપિયા અને સ્માર્ટફોનની ભેટ પણ આપશે

ઉત્તર પ્રદેશની યોગી આદિત્યનાથ સરકાર હવે સમૂહ લગ્નોનું આયોજન કરશે. આ સમૂહ લગ્નોનાં તમામ ખર્ચા રાજ્ય સરકાર ઊઠાવશે. યૂપી સરકાર ગરીબ પરિવારોની કન્યાઓના લગ્ન કરાવવા આ પહેલ કરવા જઈ રહી છે. આ સમૂહ લગ્નોમાં સાંસદો-ધારાસભ્યો તેમ જ સમાજના પ્રતિષ્ઠિત લોકોને પણ આમંત્રિત કરાશે. યોજનાની લાભાર્થી કન્યાઓને 20 હજાર રૂપિયા અને સ્માર્ટફોનની ભેટ અપાશે. રોકડ રકમ સીધી લાભાર્થીના બેંક ખાતામાં જમા થશે. તદુપરાંત, તેમને કપડાં, વાસણોની ભેટ પણ અપાશે. 'મુખ્યમંત્રી સામૂહિક વિવાહ યોજના' ના પ્રથમ તબક્કામાં 71,400 કન્યાઓના લગ્ન કરાવાશે. આ લગ્ન સમારંભોમાં સામાન્ય વ્યક્તિઓ કે સંસ્થાઓ પણ ભેટ આપી શકશે. યુપીના સમાજ કલ્યાણ વિભાગે આ યોજના અંગેનો પ્રસ્તાવ તૈયાર કરીને તંત્રને મોકલી આપ્યો છે. પાંચથી વધુ કન્યાઓના લગ્નનું આયોજન હશે તો કાર્યક્રમ ક્ષેત્ર પંચાયત, જિલ્લા પંચાયત, નગર નિગમ અને નગર પાલિકા પરિષદ સ્તરે યોજાશે. જિલ્લા અધિકારીઓ વિવાહ કાર્યક્રમ સમિતિની રચના કરશે. આ યોજનામાં અનુસૂચિત જાતિ-જનજાતિ (એસસી-એસટી) ની 30, અન્ય પછાત વર્ગોની 35, સામાન્ય વર્ગની 20 અને લઘુમતીઓની 15 ટકા હિસ્સેદારી રહેશે.

### ગુજરાત ફરી એકવાર વિશ્વના બે દેશના વડાપ્રધાનની મુલાકાતનું સાક્ષી બનશે
### જાપાનના વડાપ્રધાન શિંઝો આબે 13થી 15 સપ્ટેમ્બરે ગુજરાતની મુલાકાત લેશે
### જીએસટી ફિટમેન્ટ કમિટી દ્વારા સ્પષ્ટતા કરાઈ
### તમાકુના પાંદડા અને દાંડીઓ પર 5 ટકા જીએસટી લાગશે

ગુજરાતમાં તમાકુનું મોટા પ્રમાણમાં વાવેતર થાય છે ત્યારે તમાકુના તૂટેલા પાંદડા અને દાંડીઓ પર 28 ટકા જીએસટી લાગશે તેવી માન્યતા હતી પરંતુ આ અંગે જીએસટી ફીટમેન્ટ કમિટી દ્વારા કરાયેલી સ્પષ્ટતા મુજબ તમાકુના પાંદડા અને દાંડીઓ પર માત્ર 5 ટકા ટેક્સ લાગશે.

### ભારતીય હોકી ખેલાડી જ્યોતિનું શંકાસ્પદ મોત, ટ્રેક પર મળી બોડી

ભારતીય મહિલા હોકી ટીમની પ્રમુખ ખેલાડી અને ભવિષ્યની સ્ટાર ગણાતી જ્યોતિ ગુપ્તાનું શંકાસ્પદ હાલતમાં મોત થયું છે. જ્યોતિની બોડી હરિયાણાના રેવાડીમાં રેલવે ટ્રેક પાસે મળી આવી હતી.

### 19મી ઓગસ્ટથી ઈન્ડિયન ક્યૂ માસ્ટર્સ લીગનો પ્રારંભ થશે

સ્પોર્ટ્સ લાઈવ એન્ટરટેઈનમેન્ટ (એસએલઈ) દ્વારા આયોજિત દેશની પ્રથમ ઈન્ડિયન ક્યૂ માસ્ટર્સ લીગ, ક્લૂ સ્લેમનો રાજપથ ક્લબ ખાતે 10મીથી 25 મી ઓગસ્ટ સુધી રમાશે.

### જુનિયર વર્લ્ડ રેસલિંગ ચેમ્પિ. માં મંજુકુમારીને બ્રોન્ઝ મેડલ મળ્યો

ભારતની મંજુકુમારીએ ફિનલેન્ડના તામ્પેરે ખાતે ચાલી રહેલી જૂનિયર વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં વિમેન્સ કેટેગરીના 59 કિલોગ્રામ વેઈટ ગ્રુપમાં બ્રોન્ઝ મેડલ હાંસલ કર્યો હતો. મજુ રેપેચેઝ દ્વારા મેડલની હોડમાં સામેલ થઈ હતી. તેણે બ્રોન્ઝ મેડલ માટેના મુકાબલામાં યુક્રેનની ઈલાનો પ્રોકોપેવનિયુકને 2-0થી હરાવી હતી. ભારતને આ પહેલાં વીરદેવ ગુલિયાએ મેન્સની 74 કિલોગ્રામ કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ અપાવ્યો હતો. મંજુએ પોતાના પ્રથમ મુકાબલામાં બલ્ગેરિયાની એલેકસાન્દ્રિના નિકોલેવા કાશિનોવાને 5-1થી પરાજય આપ્યો હતો પરંતુ ક્વાર્ટર ફાઈનલમાં તે જાપાનની યુઝુર કુમાનો સામે 0-10થી હારી ગઈ હતી. જાપાનીઝ રેસલરે ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.

**140 વર્ષમાં અશ્વિનની ફાસ્ટટેસ્ટ ડબલ**

**આર. અશ્વિને ન્યૂઝીલેન્ડના રિચાર્ડ હેડલીને (54 ટેસ્ટ) પાછળ રાખી દીધો**

શ્રીલંકા સામેની બીજી ક્રિકેટ ટેસ્ટ મેચના બીજા દિવસે ભારતીય ઓફ સ્પિનર આર. અશ્વિને નવો ઈતિહાસ રચ્યો હતો. તેણે ભારતના પ્રથમ દાવમાં 54 રન બનાવ્યા હતા અને આ દરમિયાન તેણે ટેસ્ટ કારકિર્દીના 2000 રન પુરા કર્યા હતા. આ અશ્વિનની 51મી ટેસ્ટ છે અને આ ગાળામાં 2000 કરતાં વધારે રન તથા 250 કરતાં વધારે વિકેટ ઝડપનાર વિશ્વનો 140 વર્ષમાં પ્રથમ ઓલરાઉન્ડર છે. આ પહેલાં ન્યૂઝીલેન્ડના દિગ્ગજ ખેલાડી સર રિચાર્ડ હેડલીએ 54મી ટેસ્ટમાં આ સિદ્ધિ હાંસલ કરી હતી. ઈંગ્લેન્ડના ઈયાન બોથમ તથા પાકિસ્તાનના ઈમરાન ખાને 55–55 ટેસ્ટમાં આ સિદ્ધિ મેળવી હતી. સાઉથ આફ્રિકન ઓલરાઉન્ડર શોન પોલોકે 60 ટેસ્ટમાં ડબલનો માઈલસ્ટોન વટાવ્યો હતો. શુક્રવારે બેટિંગમાં ઉતરતી પહેલાં અશ્વિનના ખાતામાં 50 ટેસ્ટમાં 1950 રન હતા. શ્રીલંકા સામે તેણે જેવો 50મો રન પૂરો કર્યો કે તેના 2000 રન પૂરા થયા હતા. બોલર તરીકે તે અત્યાર સુધી 281 વિકેટ હાંસલ કરી ચૂક્યો છે.

**રાજ્યસભામાં કોંગ્રેસનું 65 વર્ષનું રાજપૂર્ણ, ભાજપ સૌથી મોટો પક્ષ**

**રાજ્યસભામાં ભાજપનું સંખ્યા બળ વધીને 58**

**બેંગલુરુમાં હેલિકોપ્ટર ટેક્સી સર્વિસ શરૂ થશે**

**ગેટના બદલે છત પરથી ટેક્સીમાં બેસવાના દિવસો હવે બહુ દૂર નથી**

ભારતમાં ટેક્સીનું ચલણ જોરમાં છે. મેટ્રો શહેરોમાં તો લોકો પોતાની કારના બદલે ટેક્સીનો વધુ ઉપયોગ કરવા લાગ્યો છે પરંતુ તેના કારણે રસ્તા પર ટ્રાફિક પણ વધ્યો છે. બેંગલુરુની થમ્બી એવિયેશન નામની એક કંપનીએ આ સમસ્યાનો ઉકેલ શોધી કાઢ્યો છે. કંપનીએ કારના બદલે હેલિકોપ્ટરને ટેક્સી તરીકે ચલાવવાનું નક્કી કર્યું છે.

**પૂરગ્રસ્ત બનાસકાંઠા–પાટણ માટે 1500 કરોડની સહાય**

**ધાનેરા માટે ખાસ પુનઃવસન પેકેજ, ખેડૂતોને ત્રણ મહિનાની વીજ બિલમાં માફી, સહાય અસરગ્રસ્તોનાં ખાતામાં જશે**

અતિવૃષ્ટિથી પડી ભાંગેલા બનાસકાંઠા–પાટણને ફરી બેઠા કરવા માટે સહાયના ધોરણો કરતા પણ વધુ સહાય કરીને રૂ.1500 કરોડના પેકેજની મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જાહેરાત કરી છે. કૃષિ અને જમીન સુધારણા માટે રૂ.1311 કરોડ, વીજળી માટે રૂ.75 કરોડ, પશુ સહાય અને પશુપાલન માટે રૂ.20 કરોડ, વેપાર–વ્યવસાય–ઉદ્યોગ માટે રૂ.15 કરોડ, મહેસૂલ વિભાગ હસ્તકની યોજનાઓ માટે રૂ. 79 કરોડની સહાય જાહેર કરી છે.

**આ જાહેરાત કરાઈ**

- કૃષિ અને જમીન સુધારણા માટે રૂ. 1,311 કરોડ
- વીજળી માટે રૂ. 75 કરોડ
- પશુસહાય અને પશુપાલન માટે રૂ. 20 કરોડ
- વેપાર–વ્યવસાય–ઉદ્યોગો માટે રૂ. 15 કરોડ
- મહેસુલ વિભાગ હસ્તકની યોજનાઓ માટે રૂ.79 કરોડ

**બિનપિયત વિસ્તારમાં 10 હજાર, પિયત વિસ્તારમાં 20 હજારની પાક સહાય**

**ધાનેરામાં લારીવાળાને 5000ની સહાય**

- સ્વરોજગાર લારી–રેકડીવાલાને 5000
- નાની કેબિનવાળાને રૂ. 15 હજાર
- મોટી–મધ્યમ કક્ષાની પાકી દુકાન ધરાવનારને 75 હજાર રોકડ
- એપીએમસી સિવાયના 5 લાખથી વધુનું ટર્નઓવરવાળાને 10 લાખ સુધીની બેંકલોન સામે બે વર્ષ માટે સંપૂર્ણ વ્યાજ સહાય.

**પાટણ–બનાસકાંઠામાં ઘરવખરી ખરીદવા માટે 7000ની સહાય**

**9 ઓગસ્ટ ગુજરાત રાજ્યસભાની ચૂંટણીમાં નોટા અકબંધ:સુપ્રીમ**

**જુનાગઢમાં રંગમહેલમાંથી 200 વર્ષ જૂની વાવ મળી**

જૂનાગઢ પ્રાચીન શહેર છે. જૂનાગઢમાં અનેક પૌરાણિક સ્થળ આવેલા છે અને જૂનાગઢમાં પ્રાચીન સમયની ઘણી વાવ મોજૂદ છે. ચુડાસમાનાં રાજ્ય કાળમાં અનેક વાવ બની હતી. બાદ નવાબનાં શાસનમાં પણ વાવ, કુવા બાંધવામાં આવ્યાં હતાં. આજે જૂનાગઢનાં રંગ મહેલમાં દિવાલ પાડતી વખતે એક વાવ મળી આવી હતી. કહેવાય છે કે રંગ મહેલનું બાંધકામ મહાબતખાન બીજા (ઈ.સ. 1851 થી 1882) એ કરાવ્યું હતું,

Astha Academy Mo 8980961441

**26 વર્ષમાં પ્રથમ વખત પેરાલિમ્પિયન 'ખેલરત્ન' માટે નોમિનેટ, 17 વર્ષ બાદ હોકી ખેલાડીને સન્માન મળશે**

રિયો પેરાલિમ્પિકના ગોલ્ડ મેડલ વિજેતા જ્વેલિન થ્રોઅર (ભાલાફેંક એથ્લેટ) દેવેન્દ્ર ઝાંઝરિયા તથા ભૂતપૂર્વ ભારતીય હોકી સુકાની સરદારસિંહને ચાલુ વર્ષે દેશના સર્વોચ્ચ ખેલ પુરસ્કાર રાજીવ ગાંધી ખેલરત્ન માટે નોમિનેટ કરવામાં આવ્યા છે. ક્રિકેટર ચેતેશ્વર પૂજારા અને હરમનપ્રીત કૌર સહિત કુલ 17 ખેલાડીઓને અર્જુન પુરસ્કાર માટે નોમિનેટ કરાયા છે. ખેલ પુરસ્કાર 1991-92થી આપવામાં આવે છે અને આ 26 વર્ષમાં કોઈ પેરાલિમ્પિયનને આ સન્માન મળે તેવો પ્રથમ બનાવ રહેશે. બીજી તરફ જો સરદારને સન્માનિત કરાશે તો 17 વર્ષ બાદ પ્રથમ વખત કોઈ હોકી ખેલાડીને એવોર્ડ અપાશે. અત્યાર સુધી માત્ર એક જ હોકી ખેલાડી ધનરાજ પિલ્લેને 2000ના વર્ષમાં ખેલરત્ન એવોર્ડ અપાયો હતો.

સરકારનો નિયમ છે કે માત્ર ઓલિમ્પિક વર્ષમાં જ એક કરતાં વધારે ખેલાડીને ખેલરત્નથી સન્માનિત કરી શકાય છે અને અન્ય વર્ષોમા એક-એક ખેલાડીને ખેલરત્ન અપાય છે. જોકે સમિતિએ આ પરંપરાને તોડીને ચાલુ વર્ષે બે ખેલાડીઓને ખેલરત્ન આપવાની ભલામણ કરી છે. બેઠકમાં સરદારના નામનો વિરોધ થયો હતો કારણ કે તેની ઉપર ભારતીય મૂળની બ્રિટિશ મહિલા હોકી ખેલાડી પર કથિત રીતે યૌન શોષણનો આક્ષેપ થયો હતો. જોકે સમિતિએ સરદારની સિદ્ધિઓને વધારે પ્રાધાન્ય આપ્યું હતું.

**અર્જુન એવોર્ડ માટે નોમિનેટ થયેલા રમતવીરો**

ચેતેશ્વર પૂજારા અને હરમનપ્રીત કૌર (ક્રિકેટ) વરુણસિંહ ભાટી અને મરિયપ્પન થંગાવેલૂ (પેરાલિમ્પિક), પ્રશાંતીસિંહ (બાસ્કેટબોલ), એસએસપી ચૌરસિયા (ગોલ્ફ), ઓનમ બેમબેમ (ફૂટબોલ), સાકેત માયનેની (ટેનિસ), વીજે સુરેખા (બેડમિન્ટન), ખુશબીર કૌર તથા ઓરોકિયા રાજીવ (એથ્લેટિક્સ), એસવી સુનિલ (હોકી), સત્યવ્રત કાદિયાન (રેસલિંગ), એન્થોની અમલરાજ (ટેબલટેનિસ), પીએન પ્રકાશ (શૂટિંગ), જસવીરસિંહ (કબડ્ડી), દેવેન્દ્રસિંહ (બોક્સિંગ).

રિયો પેરાલિમ્પિકમાં સિલ્વર મેડલ હાંસલ કરનાર મહિલા શોટપુટર દીપા મલિકને 2012માં અર્જુન એવોર્ડ મળી ચૂક્યો છે. આ રીતે પેરાલિમ્પિકના ચાર મેડલ વિજેતાઓમાંથી ત્રણને આ વખતે સન્માનિત કરવામાં આવશે.

સરદારસિંહના નામની હોકી ઈન્ડિયાએ ભલામણ કરી હતી પરંતુ તેના નામ પર ચોકડી વાગી હતી. સરદાર 2015માં પદ્મશ્રી હાંસલ કરી ચૂક્યો છે. તે એફઆઈએચની ઓલ સ્ટાર ટીમમાં બે વખત સ્થાન મેળવી ચૂક્યો છે.

**બે વખતના વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયન વાલ્દિમીર ક્લિત્સચેકો નિવૃત્તિ**

બે વખતના ભૂતપૂર્વ હેવીવેઈટ ચેમ્પિયન યુક્રેનના વાલ્દિમીર ક્લિત્સચેકોએ ગુરુવારે નિવૃત્તિની જાહેરાત કરી હતી. આ સાથે જ તેની 21 વર્ષની કારકિર્દીનો અંત આવ્યો છે.

**ધરતીપુત્ર વેંકૈયા દેશના ઉપરાષ્ટ્રપતિ 70 વર્ષમાં પહેલીવાર રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને લોકસભા સ્પીકરપદે ભાજપ-સંઘની વ્યક્તિ**

**દક્ષિણ ભારતમાંથી 20 વર્ષ પછી ઉપરાષ્ટ્રપતિ**

**કુલ 771 મતમાંથી નાયડુએ 516 અને ગોપાલકૃષ્ણ ગાંધીને માત્ર 244 મત, 11 ઓગસ્ટે શપથ લેશે**

એનડીએના ઉમેદવાર વેંકૈયા નાયડુ દેશના 13મા ઉપરાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા છે. વેંકૈયાને વિપક્ષના 18 પક્ષોના ઉમેદવાર ગોપાલકૃષ્ણ ગાંધી કરતાં બમણા વોટ મળ્યા હતા. વેંકૈયાને 67.8 ટકા (516) વોટ મળ્યા જ્યારે ગાંધીને 32.2 ટકા (244) વોટ મળ્યા હતા. વર્તમાન ઉપરાષ્ટ્રપતિ હામિદ અન્સારીનો કાર્યકાળ 10 ઓગસ્ટે પૂરો થઈ રહ્યો છે. પોતાને ધરતીપુત્ર ગણાવતા વેંકૈયા નાયડુ આગામી 11મી ઓગસ્ટે શપથ લેશે.

નાયડુ ઉપરાષ્ટ્રપતિ બનનાર 13મી વ્યક્તિ છે. ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન અને હામિદ અન્સારી બબ્બે વખત ઉપરાષ્ટ્રપતિ પદે રહ્યા હતા. ઉપરાષ્ટ્રપતિ બનનાર નાયડુ દક્ષિણ ભારતની આઠમી વ્યક્તિ છે. 70 વર્ષમાં પહેલીવાર રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને લોકસભાના અધ્યક્ષ જેવા ટોચના ચાર બંધારણીય પદે ભાજપ અને આરએસએસ સાથે જોડાયેલી વ્યક્તિઓ છે. નાયડુને વિજેતા જાહેર કરાયા બાદ તેમના પર અભિનંદન અને શુભેચ્છાઓની વર્ષા થઈ હતી.

| | |
|---|---|
| **અપાયેલ વોટ** | 771 |
| **રદ થયેલા વોટ** | 11 |
| **નાયડુને મળેલા વોટ** | 516 |
| **ગાંધીને મળેલા વોટ** | 244 |

**નીતિ આયોગના ઉપાધ્યક્ષ અર્થશાસ્ત્રી ડો. રાજીવ કુમાર**

અર્થ શાસ્ત્રી ડો.રાજીવ કુમારની નિમણૂક નીતિ આયોગના નવા વાઈસચેરમેન પદે કરાઈ છે. પાંચ દિવસ અગાઉ અરવિંદ પનગઢિયાએ રાજીનામું આપ્યું હતું.

**ચીનના બોક્સર ઝુલ્પિકારને પછાડી વિજેન્દરસિંહ બન્યો ડબલ ચેમ્પિયન**

**ટેક્સટાઈટલમાં લેબર–જોબવર્ક પરનું જીએસટી 18થી ઘટાડી 5 ટકા કરાયુ**

**સરકારી કોન્ટ્રાક્ટરો પરનો ટેક્સ 12 ટકા થયો**

શનિવારે દિલ્હીમાં યોજાયેલી જીએસટી કાઉન્સિલની બેઠકમાં ગુજરાત સરકાર તરફથી ટેક્સટાઈલના કેટલાક મુદ્દાઓ રજૂ કરાયા હતા. જે અંગે થયેલી ચર્ચા બાદ ટેક્સટાઈલમાં લેબર વર્ક અને જોબ વર્ક પર લગાવાયેલો 18 ટકા જીએસટી ઘટાડીને 5 ટકા કરવાનો નિર્ણય લેવાયો છે.

**રાજ્યસભામાં ભાજપ સૌથી મોટી પાર્ટી પણ બહુમતી માટે રાહ જોવી પડશે**

**2018માં આ રાજ્યોની રાજ્યસભાની સીટ ખાલી થશે**

યુપી, ઉત્તરાખંડ, દિલ્હી, કેરળ, મધ્યપ્રદેશ, આંધ્ર પ્રદેશ, કર્ણાટક, બિહાર, ગુજરાત, તેલંગણા, રાજસ્થાન, ઓરિસ્સા, ઝારખંડ, મહારાષ્ટ્ર, હરિયાણા અને સિક્કિમ આ રાજ્યોમાંથી ઝારખંડ, આંધ્રપ્રદેશ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ગુજરાત અને હરિયાણામાં એનડીએની સરકાર છે. એને કારણે લાભ થઈ શકે છે.

| **કુલ બેઠકો** | **એનડીએ** | **યુપીએ** |
|---|---|---|
| **542** | **336** | **59** |

| **પાર્ટી** | **સભ્યસંખ્યા** |
|---|---|
| ભાજપ | 281 |
| કોંગ્રેસ | 45 |
| એઆઈએડીએમકે | 37 |
| તૃણમૂલ કોંગ્રેસ | 34 |
| બીજુ જનતા દળ | 20 |
| શિવસેના | 18 |
| ટીડીપી | 16 |
| ટીઆરએસ | 11 |
| સીપીઆઈ (એમ) | 9 |
| વાયએસઆરસીપી | 9 |
| લોક જનશક્તિ પાર્ટી | 6 |
| એનસીપી | 6 |
| સપા | 5 |
| આપ | 4 |
| રાજદ | 4 |
| અકાલીદળ | 4 |
| એઆઈયુડીએફ | 3 |
| અપક્ષ | 3 |
| રાષ્ટ્રીય લોસપા | 3 |
| અપના દળ | 2 |
| રાષ્ટ્રીય લોકદળ | 2 |
| ઈન્ડિયન મુસ્લિમ લીગ | 2 |
| જનતાદળ (એસ) | 2 |
| જનતાદળ (યુ) | 2 |
| ઝામુમો | 2 |
| નામાંકિત | 2 |
| અન્ય 12 | |

**રાજ્યસભામાં કઈ પાર્ટીના કેટલા સભ્યો છે ?**

| **કુલ સભ્યો** | **એનડીએ** | **યુપીએ/અન્ય** |
|---|---|---|
| **243** | **81** | **138** |

| **પાર્ટી** | **સભ્યસંખ્યા** |
|---|---|
| ભાજપ | 58 |
| કોંગ્રેસ | 57 |
| સપા | 18 |
| એઆઈડીએમકે | 13 |
| તૃણમૂલ કોંગ્રેસ | 12 |
| બિજુ જનતા દળ | 8 |
| બોડોલેન્ડ પીપલ્સ ફ્રન્ટ | 1 |
| બહુજન સમાજ પાર્ટી | 5 |
| સીપીઆઈ | 1 |
| સીપીઆઈ (એમ) | 8 |
| ડીએમકે | 4 |
| અપક્ષ/અન્ય | 6 |
| ઈન્ડિયન નેશનલ લોકદળ | 1 |
| ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ | 1 |
| જનતા દળ (એસ) | 1 |
| જનતા દળ (યુ) | 10 |
| જેએમએમ | 1 |
| કેરળ કોંગ્રેસ (એમ) | 1 |
| એનસીપી | 5 |
| નાગા પીપલ્સ ફ્રન્ટ | 1 |

Astha Academy Mo.8980961441

| | |
|---|---|
| રાજદ | 3 |
| આરપીઆઈ (એ) | 1 |
| અકાલીદળ | 3 |
| સિક્કિમ ડેમોક્રેટિક ફ્રન્ટ | 1 |
| શિવસેના | 3 |
| ટીડીપી | 6 |
| તેલંગણા રાષ્ટ્ર સમિતિ | 3 |
| વાયએસઆરસીપી | 1 |
| નામાંકિત | 8 |

**MLAનું સંખ્યાબળ 174, જીતવા માટે જરૂરી મત 44:અહેમદ, અમિત શાહ, સ્મૃતિ ઈરાની રાજ્યસભામાં, બળવંત 38 પર અટક્યા:બાપુએ કોંગ્રેસ-ભાજપ બંનેને ખરાબ રીતે ફસાવ્યા**

**કોને કેટલા મત**

અહેમદ પટેલ 44
અમિત શાહ 46
સ્મૃતિ ઈરાની 46
બળવંતસિંહ 38

**નિ:શુલ્ક રક્ત આપવાનો નિયમ, છતાં બ્લડ બેન્કો આપતી નથી**

**4 બીમારી માટે લોહી આપવાની NBTની માર્ગદર્શિકા છે**

લોહીની વારંવાર જરૂર પડે તેવી થેલેસેમિયા, હીમોફીલિયા, સિકલસેલ એનિમિયા અને રક્ત ડિસિત્રાસિયા, એમ 4 બીમારી માટે નિ:શુલ્ક રક્તઘટકો આપવાનો નિયમ છે. નેશનલ બ્લડ ટ્રાન્સફ્યુઝન (એનબીટી) ની માર્ગદર્શિકા પ્રમાણે આ નિર્ધારિત કરાયું છે. આમ છતાં શહેરની મોટા ભાગની બ્લડ બેંકો માર્ગદર્શિકાનું પાલન કરતી નથી.

**'આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ 9 ઓગસ્ટ 2017**

**બોલ્ટની નિરાશાને મેક્લિયોડે દૂર કરી, જમૈકાને પ્રથમ ગોલ્ડ મેડલ**

વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર યુસૈન બોલ્ટ તેની છેલ્લી 100 મીટર રેસમાં ગોલ્ડ મેડલથી વંચિત રહ્યા બાદ વિમેન્સ 100 મીટરમાં પણ ગોલ્ડ મેડલ નહીં મળવાના કારણે છેલ્લા બે દિવસથી જમૈકામાં નિરાશા છવાયેલી હતી પરંતુ ઓમર મેક્લિયોડે 110 મીટર હર્ડલ રેસમાં ગોલ્ડ મેડલ જીતને જમૈકાની નિરાશા દૂર કરી દીધી હતી.

**વિમેન્સ ટ્રિપલ જમ્પમાં વેનેઝુએલાની યુલિમાર રોજાસને ગોલ્ડ મેડલ**

વર્લ્ડ એથ્લેટિક્સની વિમેન્સ ટ્રિપલ જમ્પ ઈવેન્ટમાં વેનેઝુએલાની યુલિમાર રોજાસે ગોલ્ડ મેડલ હાંસલ કર્યો હતો. 21 વર્ષીય રોજાસે 14.91 મીટરનો જમ્પ લગાવીને ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો હતો.

**ફેથ કિપયેગોનને 1500 મીટરમાં ગોલ્ડ મેડલ**

ઓલિમ્પિક ચેમ્પિયન ફેથ કિપયેગોને વિમેન્સ 1500 મીટર રેસમાં ગોલ્ડ મેડલ જીતીને આ ઈવેન્ટમાં કેન્યન એથ્લેટ્સના દબદબાને જારી રાખ્યો હતો. 23 વર્ષીય ફેથ બે વર્ષ પહેલાં બે ઈજિંગમાં સિલ્વર મેડલ મેળવ્યો હતો.

**પોલેન્ડની અનીતાની હેમર થ્રોમાં ગોલ્ડન હેટ્રિક**

પોલેન્ડની અનીતા વ્લોડારસ્કાયએ વિમેન્સ હેમર થ્રોના વર્લ્ડ ટાઈટલની હેટ્રિક નોંધાવી હતી. અનિતાએ 2009 તથા 2015માં પણ આ ઈવેન્ટનો ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.

**શ્રીલંકા ટીમના ફાસ્ટ બોલિંગ કોચ તરીકે રુમેશ રત્નાયકની વરણી**

**કેરળ હાઈકોર્ટે શ્રીસંત પરનો આજીવન પ્રતિબંધ દૂર કર્યો**

સ્પોટ ફિક્સિંગ મામલે ક્રિકેટર એસ. શ્રીસંત પર લાગેલો આજીવન પ્રતિબંધ કેરળ હાઈકોર્ટે ઉઠાવી લીધો છે. આ નિર્ણયથી ખુશ શ્રીસંતે ટ્વિટ કરી કે ભગવાન મહાન છે. સમર્થન અને પ્રેમ બદલ આભાર. શ્રીસંત કેરળ વિધાનસભા ચૂંટણીમાં ભાજપની ટિકિટ પર ચૂંટણી લડ્યો હતો પરંતુ તે હારી ગયો હતો.

**ઊંચાઈ પર પ્રતિબંધનો કોર્ટનો ઈનકાર, 14 વર્ષથી નાના બાળકો પર પ્રતિબંધ**

દહીહાંડીની ઉંચાઈ 20 ફૂટથી વધુ ન હોવી જોઈએ અને ગોવિંદાની વય 18 વર્ષ કરતા ઓછી ન હોવી જોઈએ એવા સુપ્રીમ કોર્ટે મૂકેલા પ્રતિબંધને સોમવારે મુંબઈ હાઈકોર્ટે શિથિલ કર્યો હોવાથી રાજ્યમાં જન્માષ્ટમીની રંગેચંગે ઊજવણી ફરીથી જોવા મળશે. 14 વર્ષની વય સુધીના છોકરાઓને ગોવિંદા જૂથમાં સહભાગી કરવા ગ્રીન સિગ્નલ દેખાડીને કોર્ટે આયોજકોને રાહત આપી હતી.

**જેક મા નહીં, પોની મા ચીનના સૌથી ધનિક**

ઈન્વેસ્ટમેન્ટ અને ઈન્ટરનેટ સર્વિસીસ કંપની ટેનસેન્ટના સહ-સ્થાપક અને ચેરમેન મા હુઆતેંગ ચીનની સૌથી ધનિક વ્યક્તિ બની ગયા છે. તેમણે અલીબાબાના

Astha Academy Mo.8980961441

સ્થાપક જેક માને પાછળ ધકેલી દીધા છે. મા હુઆતેંગને 'પોની મા' નામે પણ ઓળખાય છે. ચાઈનીઝ ભાષામાં 'મા' નો અર્થ ઘોડો થાય છે.

**ટોરી બોવી વિમેન્સ 100 મી. માં ચેમ્પિયન**

અમેરિકાની ટોરી બોવીએ વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપની વિમેન્સ 100 મીટર રેસને 10.85 સેકન્ડના સમય સાથે જીતી લઈને ગોલ્ડ મેડલ પોતાના નામે કરી લીધો હતો. બોવી ગઈ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ જીતવામાં સફળ હતી.

**'ગોલ્ડન ગર્લ' કુથબર્ટ 100,200,400 મીટરમાં ગોલ્ડ મેડલ જીતનાર એકમાત્ર મહિલા એથ્લેટ**

ઓસ્ટ્રેલિયાની ચાર વખતની ઓલિમ્પિક ચેમ્પિયન મહિલા એથ્લેટ બેટ્ટી કુથબર્ટનું વિવિધ બીમારીના કારણે 79 વર્ષની વયે નિધન થયું હતું.

**દુનિયામાં પહેલી વાર : 42 વર્ષના સમીર 100 દિવસમાં દરરોજ 100 કિમી દોડીને 10 હજાર કિમીની દોડ પૂરી કરી**

મધ્યપ્રદેશના સમીરસિંહે રવિવારે મુંબઈમાં ઈતિહાસ રચી દીધો છે. તે દુનિયાનો એકલો શખ્સ બની ગયો છે, જેણે 100 દિવસ સુધી દરરોજ 100 કિમી દોડ લગાવી છે. 42 વર્ષના સમીરે 29 એપ્રિલથી દોડવાનું શરૂ કર્યું હતું. 100મા દિવસે, એટલે 6ઠ્ઠી ઓગસ્ટ સુધી તેણે દરરોજ 100 કિમીની દોડ લગાવી છે. જોકે, ઈજાને કારણે સમીરને એક દિવસે હોસ્પિટલમાં દાખલ રહેવું પડ્યું હતું. એ દિવસે 50 કિમી જ દોડી શક્યો હતો.
આટલી દોડમાં કાશ્મીરથી કન્યાકુમારી સુધી 3 વખત પહોંચી શકાય

**રક્ષાબંધને મુસ્લિમ બહેનોને 'શાદી શગુન' ની ભેટ**

કેન્દ્ર સરકારે મુસ્લિમ યુવતીઓને રક્ષાબંધનની ભેટ આપી છે. મુસ્લિમોમાં છોકરીઓમાં ઉચ્ચ શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે રૂ.51,000ની રકમ શાદી શગુન તરીકે અપાશે. યોજના કેન્દ્રીય લઘુમતી કાર્ય મંત્રાલયની સંસ્થા મૌલાના આઝાદ એજ્યુકેશન ફાઉન્ડેશન હેઠળ શરૂ થઈ છે.

**'લાઈટનિંગ બોલ્ટ' અંતિમ 100 મીટર રેસમાં હારી ગયો ગોલ્ડ નહીં, સિલ્વર નહીં, બ્રોન્ઝ મળ્યું**

નવ વર્ષથી 100 મીટરમાં અજેય રહેલા યુસેન બોલ્ટ તેની અંતિમ રેસ હારી ગયા. તે 9.95 સેકન્ડ સાથે વર્લ્ડ ચેમ્પિયનશિપની ફાઈનલમાં ત્રીજા સ્થાન પર રહ્યો. જસ્ટિન ગેટલીન 9.92 સેકન્ડ સાથે 12 વર્ષ બાદ ફરી ચેમ્પિયન બન્યો.

**નસૌ કાઉન્ટીના ડેપ્યુ. કોમ્પ્ટ્રોલરપદે દિલીપ ચૌહાણની નિયુક્તિ**

ન્યૂયોર્કમાં નસૌ કાઉન્ટીના ડેપ્યુટી કોમ્પ્ટ્રોલર તરીકે પ્રથમ એશિયન અમેરિકન દિલીપ ચૌહાણની નિયુક્તી કરાઈ છે.

**મહારાષ્ટ્ર 24 કલાક જાગશે**
**દુકાનો, હોટેલ્સ, થિયેટરો ખુલ્લા રાખવા પ્રસ્તાવ મંજૂર**

ઓનલાઈન ઉદ્યોગો સાથે સ્પર્ધા કરવામાં રાજ્યની દુકાનો અને ઓફિસ-કાર્યાલય આસાની રહે તે માટે વેપારીઓને 24/7 દુકાનો ચાલુ રાખવા માટેનો પ્રસ્તાવ રાજ્ય વિધાનસભામાં ગઈકાલે મંજૂર કરાયો હતો, જે સાથે મુંબઈમાં નાઈટલાઈફનો માર્ગ મોકળો બન્યો છે.

**ફ્રાંસિસને મહિલાઓની 400 મીટર રેસમાં ગોલ્ડ મેડલ**

અમેરિકાની ફિલિપ ફ્રાંસિસે આઈએએએફ વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં મહિલાઓની 400 મીટર દોડમાં હમવતન એલિસન ફેલિક્સને હરાવી ગોલ્ડ મેડલ જીતી લીધો હતો.

**એલિસન ફેલિક્સે યુસૈન બોલ્ટની બરાબરી કરી**

અમેરિકાની એલિસન ફેલિક્સે 400 મીટર મહિલા દોડમાં બ્રોન્ઝ મેડલ જીતી મેડલોની સંખ્યાના મામલે જમૈકાના દિગ્ગજ એથ્લીટ યુસૈન બોલ્ટ અને મેર્લેની ઓટ્ટેની બરાબરી કરી હતી. વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ફેલિક્સનો આ 14મો મેડલ હતો, જે બોલ્ટ અને આટ્ટેની બરાબર છે. ફેલિક્સના 14 મેડલમાંથી 9 ગોલ્ડ મેડલ છે. વર્લ્ડ ચેમ્પિયનશિપ સિવાય ઓલિમ્પિકમાં પણ ફેલિક્સનું પ્રદર્શન શાનદાર રહ્યું છે. તેણે 6 ગોલ્ડ સાથે કુલ 9 મેડલ મેળવ્યા છે. બોલ્ટ હજુ 4 બાય 100 રિલે દોડમાં દોડમાં ભાગ લેવાનો છે, જેથી તેની પાસે 15 મેડલ કરવાની તક છે. બીજી તરફ ફેલિક્સ 4 બાય 100 રિલે દોડ અને 4 બાય 400 રિલે દોડમાં મેડલ જીતવાની દાવેદાર છે.

**ગોંગે 24 વર્ષ પછી ગોળા ફેંકમાં ચીનને અપાવ્યો ગોલ્ડ**

ચીનીની ગોળા ફેક ખેલાડી લિજાઓ ગોંગે 24 વર્ષ પછી વર્લ્ડ ચેમ્પિયનશિપની ગોળા ફેક સ્પર્ધામાં પોતાના દેશને ગોલ્ડ મેડલ અપાવ્યો હતો. ઓલિમ્પિક સ્ટેડિયમમાં

Astha Academy Mo. 8980961441

મહિલાઓની ગોળા ફેક સ્પર્ધામાં ગોંગ 19.94 મીટર દૂર ગોળો ફેકી ગોલ્ડ મેડલ જીતવા સફળ રહી હતી.

**તાજમહલ મકબરો છે કે શિવ મંદિર? CICનો કેન્દ્રને સવાલ**

**ઉદ્યોગોને ગેસમાં 15 ટકા વેટ સામે 9 ટકા રિફંડ અપાશે**

રાજ્યમાં ગેસ આધારિત ઉદ્યોગોને ગેસમાં 15 ટકા વેટ સામે અપાતી 11 ટકા ઈનપુટ ક્રેડિટ જીએસટીના અમલીકરણ બાદ નાબૂદ થઈ જતાં 15 ટકા ટેક્સ પૂરો ભરવો પડતો હતો. જેના પગલે વિવિધ એસોસિએશન દ્વારા થયેલી રજૂઆતો બાદ રાજ્ય સરકાર દ્વારા હવે 15 ટકા વેટની સામે 9 ટકા રિફંડ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

**યુપીના મુખ્યમંત્રી યોગીના મતવિસ્તાર ગોરખપુરની હોસ્પિટલની ઘટના**

**69 લાખનું બિલ નહીં ચૂકવતા કંપનીએ હોસ્પિટલનો ઓક્સિજન સપ્લાય બંધ કર્યો, 30 બાળકના મૃત્યુ**

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના વિસ્તાર ગોરખપુરમાં બનેલી ઘટનાએ દેશભરમાં હાહાકાર મચાવ્યો છે. ગોરખપુરની બીઆરડી હોસ્પિટલમાં ઓક્સિજનનો સપ્લાય ઠપ થઈ જતા 48 કલાકમાં 30 માસૂમ બાળકોનું મોત થયું છે. જિલ્લા કલેક્ટર રાજીવ રોતૈલાએ ઘટનાની પુષ્ટિ કરી હતી.

**પહલાજની હકાલપટ્ટી, પ્રસૂન સેન્સર બોર્ડના વડા**

સેન્સર બોર્ડના વડાપદેથી પહલાજ નિહાલાણીની હકાલપટ્ટી કરી દેવાઈ છે. તેમના સ્થાને વિખ્યાત ગીતકાર પ્રસૂન જોશીની નિમણૂક કરાઈ છે. કમિટીમાં વિદ્યાબાલન, ગૌતમી, મિહિર ભૂતા, વિવેક અગ્નીહોત્રી, નરેન્દ્ર કોહલી વગેરેનો સમાવેશ કરાયો છે.

**બનાસકાંઠાના 28 ગામ નવેસરથી વસાવાશે**

બનાસકાંઠા જિલ્લામાં આવેલા ભારે પુર અને વરસાદ બાદ વહિવટી તંત્રે અસરગ્રસ્ત ગામોની સ્થળ-સ્થિતિની તપાસ કરાવી આવા ગામોને નવેસરથી વસાવવા માટેની પ્રક્રિયાનો આરંભ કરાયો છે. જિલ્લામાં આ માટે 28 ગામોને પસંદ કરવામાં આવ્યા છે. જિલ્લાનું વહિવટી તંત્ર આવા ગામોની પ્રાથમિક તબક્કે મુલાકાતો લઈ સમગ્ર પરિસ્થિતિનો ચિતાર મેળવી રહ્યું છે.

**નવા વસાવવા પાત્ર ગામોની યાદી**

- થરાદ તાલુકાના પાવડાસણ, ડુવા, ભોરડું, નાગલા, ડોડગામ, ખાનપુર, જાંણદી, જાંદલા, નાનીપાવડ, મોટીપાવડ, રાહ.
- ધાનેરા તાલુકાનું સરાલ
- વાવ તાલુકાના મોરીખા, નાળોદર, ઘરાઘરા, તીર્થગામ, માડકા, વાવડી.
- સુઇગામ તાલુકાના કાણોઠી, કોરોટી, ભરડવા.
- લાખણી તાલુકાના ઘાણા, ધ્રુણસોલ, જસરા, નાણી.
- ડીસા તાલુકાનું વરણ
- કાંકરેજ તાલુકાના ખારીયા, ટોટાણા

**લંડન વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ**

**અમેરિકાની કોરી કાર્ટર વિમેન્સ 400 મી. હર્ડલ રેસમાં ચેમ્પિયન**

**34 વર્ષમાં જ્વેલિન થ્રોની ફાઈનલમાં પહોંચનાર દેવિન્દર પ્રથમ ભારતીય**

**જૂનિયરોને પણ કોચિંગ આપે છે સેનામાં નાયબ સૂબેદાર દેવિંદર**

1988માં પંજાબમાં જન્મેલો દેવિંદર સેનામાં નાયબ સૂબેદાર છે. આ સાથે તે જૂનિયર ખેલાડીઓને પણ કોંચિંગ આપે છે.

'10 દિલ્હી કોમનવેલ્થમાં પગ તૂટવાના કારણે ભાગ લઈ શક્યો નહોતો.

84.57 મીટર પર્સનલ બેસ્ટ રેકોર્ડ છે સૂબેદાર દેવિંદરનો. આ સ્કોર સાથે તે વર્લ્ડ ચેમ્પિયનશિપ માટે ક્વોલિફાય થયો હતો.

**સોમવારે મંત્રાલયે કહ્યું હતું 5 વર્ષમાં 2.5 લાખ કરોડની લોન માંડી વાળી**

**સરકારે એક રૂપિયાની લોન પણ રાઈટ ઓફ નથી કરી:જેટલી**

રિઝર્વ બેન્કના અનુસાર 5 વર્ષમાં સરકારી બેન્કોમાં રાઈટ ઓફની રકમ ત્રણગણી થઈ.

**રાઈટ ઓફ શું હોય છે**

તેનો અર્થ છે કે લોનને ઘાલખાધમાં નાખવી. એટલે કે તેની રિકવરીની આશા ખૂબ જ ઓછી છે.

**રાહુલ સતત અડધી સદી બનાવનારો પ્રથમ ભારતીય**

Astha Academy Mo. 8980961441

શ્રીલંકા સામેની ત્રીજી ટેસ્ટના પ્રથમ દિવસે કે.એલ.રાહુલે સતત 7મી અડધી સદી ફટકારી છે. ગુંડપ્પા વિશ્વનાથ અને રાહુલ દ્રવિડનો સતત 6 અડધી સદીનો રેકોર્ડ તોડીને તે એવું કરનાર દેશનો પ્રથમ અને વિશ્વનો 6ટ્ઠો બેટ્સમેન બની ગયો છે.

**હવે દરેક મેડિકલ ડિવાઈસ પર MRP લખવાનું અનિવાર્ય**

દરેક મેડિકલ ડિવાઇસ પર એમઆરપી લખવાનું અનિવાર્ય હોઈ શકે છે. સૂત્રો મુજબ સરકારે ડિવાઈસ નિર્માતાઓ, હોસ્પિટલોને કહ્યું છે કે સર્જરીમાં વપરાતી દરેક ડિવાઈસ પર એમઆરપી લખીને તેની વિગતો દર્દીને આપો. એટલે હવે દર્દીને લાગેલા ઈમ્પ્લાન્ટની એમઆરપી, બિલમાં લખવી પડશે.

**1 સપ્ટે. થી વ્યાજબી ભાવના દુકાનદાર વિતરણ બંધ કરશે**

સુરત સમેત સમગ્ર રાજ્યમાં વ્યાજબી ભાવના દુકાનદારો 1લી સપ્ટેમ્બરથી અનાજનું વિતરણ બંધ કરવાના છે. છેલ્લા ઘણાં સમયથી તેમના દ્વારા અનેક રજુઆતો પછી પણ સરકાર તેમણી માંગણીઓ સ્વીકારી રહી નથી. આ મુદ્દે ગુજરાત ફેરપ્રાઈઝ શોપ્સ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર એસોસીએશનના પ્રમુખ પ્રહલાદ મોદીએ દક્ષિણ ગુજરાતના તમામ વ્યાજબી ભાવના દુકાનદારો સાથે મીટિંગ કરી હતી.

**શિપર્સે 200મી. નો તાજ જાળવી રાખ્યો**

ડચ સ્પ્રિન્ટર ડાફને શિપર્સે વર્લ્ડ એથ્લેટિક્સની 200 મીટર રેસમાં પોતાના ટાઈટલને જાળવી રાખતા અમેરિકાએ વધુ એક ગોલ્ડ પોતાના નામે કર્યા હતો. 100 મીટર રેસમાં બ્રોન્ઝ મેડલ પણ મેળવનાર શિપર્સે ફિનિશિંગ લાઈન પર પોતે અન્ય હરીફો કરતાં આગળ છે કે નહીં તે જોવા માટે સ્પ્રિન્ટને ધીમી પાડી હતી જેની તેને કદાચ ગોલ્ડ મેડલથી કિંમત ચૂકવવી પડી હોત.

**IIM-અમદાવાદ એગ્રિકલ્ચર સ્ટાર્ટઅપ ચલાવતા આંત્રપ્રિન્યોર્સને તાલીમ આપશે**

**એગ્રિ ઉડાન નાના ખેડૂતોના ફૂડ-ખેતી અંગેના આઈડિયાઝને પ્રમોટ કરવામાં આવશે**

શહેરના એવા યંગસ્ટર્સ કે જેઓ ફૂડ અને એગ્રિકલ્ચર ક્ષેત્રમાં નવા આઈડિયા ધરાવે છે તેઓ એક સફળ આંત્રપ્રિન્યોર બને તે હેતુથી આઈઆઈએમ અમદાવાદના પ્લેટફોર્મ પર એક ઈનિશિએટીવની રજુઆત કરાઈ. આઈઆઈએમ અમદાવાદના સેન્ટર ફોર ઈનોવેશન ઈન્ક્યુબેશન એન્ડ આંત્રપ્રિયોરશીપ (સીઆઈઆઈઈ) ખાતે શનિવારે નેશનલ એકેડમી ઓફ એગ્રિકલ્ચર એન્ડ રિસર્ચ મેનેજમેન્ટના ઉપક્રમે 'એગ્રિ ઉડાન' ઈનિશિએટીવનો પ્રારંભ થયો.

**ભારતની હરિકા દ્રોણવલ્લીએ અબુધાબી ચેસ મહોત્સવમાં સતત બીજો વિજય મેળવ્યો**

**બુલ્ગારિયા ઓપન બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં 16 વર્ષીય લક્ષ્ય સેન ચેમ્પિયન**

**બાર્સેલોનાને હરાવી રિયલ મેડ્રિડ 10મી વખત સુપર કપમાં ચેમ્પિયન**

**સરકારે ની ઈમ્પ્લાન્ટની ફી રૂ. 54,720 નક્કી કરી**

**તાકીદે અમલ, સ્ટેન્ટની કિંમત નક્કી કર્યા બાદ છ મહિનામાં કેન્દ્રનો મહત્વનો નિર્ણય**

**યુપી:રાષ્ટ્રગાન નહીં ગાનાર 150 મદરેસા સામે NSAની કાર્યવાહી**

ઉત્તર પ્રદેશમાં 15મી ઓગસ્ટે મદરેસાઓમાં રાષ્ટ્રગાન ફરજીયાત કરવામાં આવ્યું હતું. તેમ છતાં ખાસ કરીને બરેલી ડિવિઝનમાં 150 જેટલા મદરેસાઓમાં સરકારી આદેશનું ઉલ્લંઘન કરી રાષ્ટ્રગાન ગાવામાં આવ્યું ન હોવાની ફરિયાદ થઈ છે. હવે યોગી સરકાર તેમના વહીવટકર્તાઓ સામે એનએસએ લગાવવાની તૈયારી કરી રહી છે. જેની પણ સામે એનએસએ હેઠળ કાર્યવાહી કરવામાં આવે તો તેની કોઈ પણ કારણ જણાવ્યા વિના ધરપકડ થઈ શકે છે.

**એનએસએ શું છે ?**

એનએસએ (રાષ્ટ્રીય સુરક્ષા ધારો) હેઠળ સરકાર કોઈ પણ વ્યક્તિને ઈચ્છે ત્યારે અને ત્યાં સુધી અટકાયતમાં રાખી શકે છે. આ ધારા હેઠળ પકડાયેલી વ્યક્તિને સામાન્ય રીતે 14ને બદલે 60 દિવસના રિમાન્ડ પર લઈ શકાય છે. એટલું જ નહીં તેનાં માટે કારણ જણાવવાનું પણ સરકાર માટે જરૂરી નથી.

**મુખ્યમંત્રીએ વડોદરાના નવલખી મેદાનમાં રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો**

**સરકારી કોલેજ અને યુનિ. કેમ્પસમાં વાઈફાઈની જાહેરાત**

રાજ્યસ્તરની ઉજવણીના ભાગરૂપે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ નવલખી મેદાન પર રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો હતો. 33 પ્લાટૂન્સના જવાનો સાથે મુખ્ય સચિવ ડો. જે.એન. સિંહ

Astha Academy Mo. 8980961441

અને પોલીસ વડા ગીતા જોહરી પણ સલામી આપી હતી. મુખ્યમંત્રીએ રાજ્યના લોકોને સ્વતંત્રતા પર્વ અને કૃષ્ણ જન્મોત્સવની શુભકામના પાઠવી હતી.

**મુખ્યમંત્રીની જનકલ્યાણની જાહેરાતો**

- રાજ્યમાં દસ નવી ઔદ્યોગિક વસાહતોની સ્થાપના, પ્લગ એન્ડ પ્રોડ્યુસ નીતિ પ્રમાણે પ્રોત્સાહન
- સાગરખેડૂ માછીમારોના મૃત્યુના કિસ્સામાં મુખ્યમંત્રી રાહતનીધિમાંથી સહાય
- સરકારી કોલેજ અને યુનિ. કેમ્પસમાં વાઈફાઈ સુવિધા
- નાના માછીમારોને કેરોસિન ખરીદીમાં સહાયની રકમમાં વધારો

**બાઉન્સર બોલ વાગવાથી પાકિસ્તાનના યુવા ક્રિકેટર જુબેર અહમદનું મોત**

**પીસીબીએ વાતની પૃષ્ટી કરી, બેટિંગ દરમિયાન જુબેરે હેલ્મેટ પહેર્યું ન હતું**

ક્રિકેટના મેદાનમાં વધુ એક કરુણ ઘટના બની છે. પાકિસ્તાનના યુવા ક્રિકેટર જુબેર અહમદનું બાઉન્સર બોલ વાગવાથી મોત થયું છે. બેટિંગ કરતા સમયે એક બાઉન્સર સીધો જુબેરના માથા ઉપર વાગ્યો હતો. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) જુબેરના મોતની પૃષ્ટી કરી છે અને બેટ્સમેનોની સુરક્ષાનો મુદ્દો ઉઠાવ્યો હતો.

**પહેરેદાર પિયા કી' નું પ્રસારણ રાત્રે 10 વાગ્યે કરવા આદેશ**

બ્રોડકાસ્ટિંગ કન્ટેન્ટ કમ્પ્લેઈન્ટ્સ કાઉન્સિલ (બીસીસીસી) એ સોની ચેનલને 'પહેરેદાર પિયા કી' સીરિયલનું પ્રસારણ રાત્રે 10 વાગ્યાના સ્લોટમાં કરવાનો આદેશ આપ્યો છે. હાલ આ સીરિયલ 9 વાગ્યાના સ્લોટમાં પ્રસારિત થાય છે. સાથે જ ચેનલે સ્ક્રીન પર ટિકર ચલાવવાનું રહેશે કે આ સીરિયલ બાળલગ્નને પ્રોત્સાહન આપતી નથી અને સંપૂર્ણપણે કાલ્પનિક છે.

એક અધિકારીએ જણાવ્યું કે બુધવારે બીસીસીસીના નવા અધ્યક્ષ જસ્ટિસ (નિવૃત્ત) વિક્રમજીત સેનના અધ્યક્ષપદે મળેલી બેઠકમાં આ નિર્ણય લેવાયો. નોંધનીય છે કે 9 વર્ષના બાળક અને 18 વર્ષની યુવતીના લગ્નની સ્ટોરી પર આધારિત આ સીરિયલની સોશિયલ મીડિયામાં ખૂબ ટીકા થઈ રહી છે. સીરિયલ વિરુદ્ધ કાઉન્સિલમાં પણ ઢગલાબંધ ફરિયાદો થઈ હતી. માહિતી અને પ્રસારણ મંત્રાલયમાંથી સીરિયલ પર રોક લગાવવાની માંગ કરતી એક ઓનલાઈન અરજી પણ થોડા દિવસોથી શરૂ થઈ છે.

**બિલ ગેટ્સે માઈક્રોસોફ્ટના 29,500 કરોડ રૂપિયાના શેર દાનમાં આપ્યા, 17 વર્ષમાં તેમનું સૌથી મોટું દાન**

**બિલ અને મેલિંડા ગેટ્સ અત્યાર સુધી 2.25 લાખ કરોડનું દાન કરી ચૂક્યા છે**

1975માં પોલ એલેન સાથે માઈક્રોસોફ્ટની શરૂઆત કરનારા બિલ ગેટ્સ અબજો ડોલર દાન કરી ચૂકવા છતાં દુનિયાના સૌથી ધનિક વ્યક્તિના હોદ્દે યથાવત છે. 1994થી અત્યાર સુધી બિલ અને મેલિન્ડા ગેટ્સ રૂ. 2.25 લાખ કરોડની સંપત્તિ દાન કરી છે. તેમણે 1999માં એક લાખ કરોડ રૂ.ના માઈક્રોસોફ્ટના શેર દાનમાં આપ્યા હતા. તેના બાદ વર્ષ 2000માં રૂ. 32,000 કરોડથી બિલ એન્ડ મેલિંડા ગેટ્સ ફાઉન્ડેશનની શરૂઆત કરી હતી.

**ખેડૂતોની રજૂઆતોના પગલે સરકારનો નિર્ણય**

**ખેડૂતોને હવે 8 ને બદલે 10 કલાક વીજળી મળશે**

**સારો વરસાદ હોવા છતાં ખેડૂતોને સિંચાઈના પાણી પર જ આધાર રાખવો પડતો હોય છે**

**ઈન્ફોસિસના વડા વિશાલ સિક્કાનું રાજીનામું, કંપનીના શેર 10 ટકા તૂટ્યા**

**હવે RBI 50 રૂપિયાની નવી નોટ બહાર પાડશે જૂની નોટ પણ ચલણમાં રહેશે**

RBI ટૂંક સમયમાં જ 50 રૂપિયાની નવી નોટ બહાર પાડશે. શુક્રવારે બેન્કે રૂ.50ની નોટનો ફર્સ્ટ લુક જારી કરી દીધો છે. જોકે રૂ.50ની જૂની નોટ પણ ચલણમાં રહેશે.

**ચીનમાં દુનિયાની પ્રથમ ઈન્ટરનેટ કોર્ટ**

**જજથી સ્માર્ટફોન અને લેપટોપ પર વીડિયો ચેટ કરી તમારો પક્ષ રજૂ કરી શકશો**

ચીનના હાંગઝોઉમાં દુનિયાની પ્રથમ ઈન્ટરનેટ કોર્ટ શરૂ થઈ છે. આ કોર્ટમાં કામકાજની પ્રક્રિયા સામાન્ય અદાલતથી એકદમ જુદી અને સરળ છે. અહીં કોઈ પણ તેનો કેસ ઓનલાઈન દાખલ કરી શકે છે. પીડિત, કેસ સંબંધિત પક્ષો, સાક્ષી અને વકીલોએ સુનાવણી વખતે અદાલતમાં હાજર થવાની જરૂર રહેતી નથી. તે ગમે ત્યાંથી કોર્ટમાં બિરાજમાન જજ સાથે સ્માર્ટફોન, કમ્પ્યુટર, લેપટોપ વગેરેથી વીડિયો ચેટ કરીને તેમનો પક્ષ રજૂ કરી શકે છે. જજ તેમનો ચુકાદો ઓનલાઈન જ આપી દે છે. ચુકાદાની કોપી પણ સંબંધિત પક્ષોને ઈમેલ આઈડી પર મોકલી અપાય છે.

**દિવ્યાંગ મહિલાઓનાં બાળકોનાં ભથ્થાં બમણાં થયાં**

કેન્દ્રે દિવ્યાંગ મહિલાઓના નવજાત શિશુઓની દેખભાળનાં ભથ્થાં બમણાં કર્યા છે. હવે તેમને દર મહિને 1500 રૂપિયાને બદલે 3,000 રૂપિયા મળશે. આ ભથ્થાં બાળકોના જન્મથી બે વર્ષની વય થવા સુધી મળશે. આ માત્ર બે બાળકોને જ મળશે.

**હવે પાઈલટને એક વર્ષની નોટિસ આપવી પડશે**

હવે એરલાઈન્સના સિનિયર પાઈલટ્સને નોકરી છોડતા પહેલાં ઓછામાં ઓછી એક વર્ષની નોટિસ આપવી પડશે. પહેલાં આ અવધિ 6 મહિના હતી. ડીજીસીએ મુજબ નવો નિયમ શુક્રવારથી લાગુ થઈ ગયો છે. તેના મુજબ કો-પાઈલટને 6 મહિના પહેલા નોટિસ આપવી પડશે.

**ટિમ કુકે માનવાધિકાર સંગઠનોને 13 કરોડ આપ્યા**

એપલના સીઈઓ ટિમ કુકે માનવાધિકાર સંગઠનોને 12.83 કરોડ રૂપિયાનું દાન આપ્યું છે. નફરત સામે લડાઈ મજબૂત કરવા માટે આ દાન અપાયું છે. ગત સપ્તાહે વર્જિનિયામાં શ્વેત રાષ્ટ્રવાદીઓની રેલી દરમિયાન હિંસા ફાટી નીકળી હતી. કુકે ટ્રમ્પના નિવેદનને પણ ખોટું ગણાવ્યું છે.

**નાના કદના ભારતીય ખેલાડીઓએ રેકોર્ડ બ્રેક 37 મેડલ મેળવ્યા**

ભારતીય ખેલાડીઓએ વર્લ્ડ ડ્વોર્ફ ગેમ્સમાં રેકોર્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે. ભારતીય દળમાં સામેલ ખેલાડીઓએ અંગત સમસ્યાઓ અને આર્થિક પરેશાનીઓને પાછળ રાખીને 24 દેશોના આ ટૂર્નામેન્ટમાં શાનદાર પ્રદર્શન કરતા 37 મેડલ જીત્યા હતા. જેમાં 15 ગોલ્ડ. 10 સિલ્વર અને 12 બ્રોન્ઝ મેડલનો સામેલ છે. આ વર્લ્ડ ગેમમાં ભારતનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે. ચાર વર્ષમાં એક વખત યોજાતી આ ઈવેન્ટમાં 24 દેશોના 400 ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ ટૂર્નામેન્ટમાં ઠીંગણા ખેલાડીઓ ભાગ લેશે. ભારતીય દળ જ્યારે ટૂર્નામેન્ટમાં ભાગ લેવા ગયું ત્યારે કોઈએ આવા સારા પ્રદર્શનની આશા રાખી ન હતી.

**ઈન્ડિયન ક્યૂ માસ્ટર્સનો પ્રારંભ**

અમદાવાદમાં આજથી ઈન્ડિય ક્યૂ માસ્ટર્સ લીગનો પ્રારંભ થઈ રહ્યો છે. ક્યૂ માસ્ટર્સ લીગ એ સ્નૂકર અને પૂલની પરંપરાગત ગેમથી અલગ પડતી ટુર્નામેન્ટ છે. જેનું આયોજન સ્પોર્ટ્સ લાઈવ અને દ બિલિયર્ડ્સ એન્ડ સ્નૂકર ફેડરેશન ઓફ ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું છે. અમદાવાદની રાજપથ ક્લબ ખાતે આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

**પુરીથી હરિદ્વાર જતી ઉત્કલ એક્સપ્રેસ મુઝફ્ફરનગર પાસે અકાસ્માતગ્રસ્ત**

**ટ્રેન ખડીપડી, કોલેજમાં ઘૂસ્યો ડબો**

**એલટીટીઈનો સફાયો કરનાર તમિળ શ્રીલંકા નૌસેના પ્રમુખ**

શ્રીલંકામાં 45 વર્ષમાં પહેલી વાર લઘુમતી તમિળ સમુદાયના રિયર એડમિરલ ટ્રેવિસ સિનિયાને નૌસેના પ્રમુખ બનાવવામાં આવ્યા છે. શ્રીલંકાના રાષ્ટ્રપતિ મૈત્રીપાલા સિરિસેનાએ 1982 કેડરના ટ્રેવિસને શપથ લેવડાવ્યા છે.

**એક વેબસાઈટ પર દેશનાં 700 સંગ્રહાલયોની માહિતી**

સંસ્કૃતિ મંત્રાલય દેશનાં નાના-મોટાં આશરે 700 સંગ્રહાલયોને પોતાની વેબસાઈટ સાથે જોડી રહ્યું છે. તેનાથી દેશનાં ઐતિહાસિક સ્થળ, સ્મારકોને સરળતાથી શોધી શકાશે. ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય કલા કેન્દ્રના સેન્ટર ફોર મ્યુઝિયમ સ્ટડીઝના વિભાગ અધ્યક્ષ ડો.વીરેન્દ્ર બાંગડે આ માહિતી આપી છે.

**સેરેના સતત બીજા વર્ષે દુનિયાની સૌથી વધારે કમાણી કરનાર મહિલા ખેલાડી બની**

173 કરોડ રૂપિયા કમાણી કરી અમેરિકન ટેનિસ સ્ટારે

12 વર્ષમાં પ્રથમ વખત શારાપોવા ટોપ-10માંથી બહાર

**50ની નવી નોટ પરના રથનો રામાયણ સાથે ખાસ નાતો**
**દ.ભારતના હમ્પી સ્થિત આ રથ વાસ્તુકલાનો અદભૂત નમૂનો છે**

કેન્દ્ર સરકાર 50 રૂપિયાની નવી નોટ બહાર પાડવાની છે. જેના પર હમ્પીના રથનું ચિત્ર છે. દક્ષિણ ભારતમાં સ્થિત હમ્પીમાં પથ્થરનો બનેલો આ રથ વાસ્તુકલાનો અદભૂત નમૂનો છે. પથ્થર પર શિલ્પકામ કરીને તેમાં મંદિર બનાવાયું છે, જે રથના આકારમાં છે. હમ્પી કર્ણાટકની તુંગભદ્રા નદીના કિનારે સ્થિત છે. તે પ્રાચીન ગૌરવશાળી સામ્રાજ્ય વિજયનગરના અવશેષ છે. તેને યુનેસ્કોએ વૈશ્વિક વારસાનો દરજ્જો આપ્યો છે. હમ્પીમાં વિજયનગર સામ્રાજ્યના તમામ અવશેષ મોજૂદ છે. તેથી ઈતિહાસ અને પુરાતત્વની દ્રષ્ટિએ હમ્પી મહત્વપૂર્ણ સ્થાન ગણાય છે. હમ્પી મહત્વપૂર્ણ ધાર્મિક કેન્દ્ર પણ છે. ધાર્મિક

Astha Academy Mo.8980961441

માન્યતા મુજબ ભગવાન શ્રી રામ જ્યારે ભાઈ લક્ષ્મણ સાથે સીતાજીને શોધવા નીકળ્યા હતા ત્યારે વાલી અને સુગ્રીવને મળવા અહીં આવ્યા હતા. હમ્પીમાં દર વર્ષે અંદાજે 15 લાખ પર્યટકો આવે છે.

**યુટ્યુબ હવે આખી દુનિયાના બ્રેકિંગ ન્યૂઝ પણ દર્શાવશે**

**ઈ-ટોલ માટે ફાસ્ટેગની ખરીદી માટે મોબાઈલ એપ**

નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ, ઈલેક્ટ્રોનિક્સ ટોલ પેમેન્ટ માટે ટેગને ઉપલબ્ધ કરાવવા માટે આજે માયફાસ્ટેગ અને ફાસ્ટેગ પાર્ટનર નામે બે મોબાઈલ એપ્સનો પ્રારંભ કર્યો છે. સરકાર દેશના તમામ 371 નેશનલ હાઈવેના ટોલ પ્લાઝાઓને આગામી 1 ઓક્ટોબરથી ફાસ્ટેગ સક્ષમ બનાવવા માટે પ્રયાસ કરી રહી છે.

**મુંબઈમાં કોઈ રાજ્યનું પ્રથમ વિદેશ ભવન ખૂલ્યું**

વિદેશમંત્રી સુષમા સ્વરાજે રવિવારે અહીં વિદેશ ભવનનું શુભારંભ કર્યું. બાન્દ્રા કુર્લા કોમ્પ્લેક્સના આ વિદેશ ભવનમાં મહારાષ્ટ્રમાં વિદેશ મંત્રાલયના તમામ કાર્યાલયો છે. હવે વિદેશ મંત્રાલયના પાસપોર્ટ, પ્રવાસી સંરક્ષક, ICCRના ક્ષેત્રીય નિર્દશકો તથા શાખા સચિવાલય કાર્યાલય એક સાથે કામ કરશે.

**તુસાદ મ્યુઝિયમમાં ગાંધી, કલામ, મોદીનું પૂતળું લગાવાશે**

અહીં રીગલ બિલ્ડિંગ પાસે બનેલા મેડમ તુસાદ મ્યુઝિયમમાં જલદી જ ભગત સિંહ, સુભાષ ચંદ્રબોઝ, સરદાર પટેલ સાથે જ મહાત્માગાંધી, એપીજે અબ્દુલ કલામ તથા નરેન્દ્ર મોદીનું મીણનું પૂતળું પણ દેખાશે. મ્યુઝિયમના જણાવ્યાં મુજબ સ્વતંત્રતા સેનાનીઓને નજીકથી જોવાનું આ પ્રથમ અવસર હશે.

**ગુજરાત બહારનું વાહન 3 મહિનાથી વધુ રહે તો RTOમાં ટેક્સ ભરવો પડે**

**સિંધૂને સિલ્વર મેડલ**

ભારતની સ્ટાર બેડમિન્ટન ખેલાડી પીવી સિંધૂને વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો છે. જાપાનની નોજોમી ઓકુહારાએ વિમેન્સ સિંગલ્સમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.

**સિંધૂનો ત્રીજો મેડલ**

વર્લ્ડ ચેમ્પિયનશિપમાં પીવી સિંધૂનો આ ત્રીજો મેડલ છે. પીવી સિંધૂ પ્રથમ વખત સિલ્વર જીતવા સફળ રહી છે. આ પહેલા તેણે 2013 અને 2014માં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

**મેવેદરને મળશે 1277 કરોડ રૂપિયા, મૈક્ગ્રેગોરને હરાવ્યો**

**મેવેદર જીત્યો વર્લ્ડની સૌથી મોંઘી ફાઈટ**

સુપર સ્ટાર બોક્સર અમેરિકના ફ્લોયડ મેવેદરે દુનિયાની સૌથી મોંઘી ફાઈટ જીતીને પોતાનો દબદબો જાળવી રાખ્યો હતો. મેવેદરે ઈતિહાસ રચતા સદીની સૌથી મોટી ફાઈટમાં યૂએફસી ચેમ્પિયન આયરલેન્ડના કોનોર મૈક્ગ્રેગોરને ટેકનિકલ નોક આઉટ(ટીકેઓ)માં હરાવ્યો હતો. 10 રાઉન્ડ સુધી ચાલેલા આ મુકાબલામાં મેવેદરે 86-85થી જીત મેળવી હતી. મેવેદર નિવૃત્તિના બે વર્ષ પછી બોક્સિંગ રિંગમાં ઉતર્યો હતો. આ ફાઈટ માટે લગભગ 4000 કરોડ રૂપિયા દાવ ઉપર હતા.

**તાજમહલ મંદિર નહીં, મકબરો છે : એએસઆઈ**

ભારતીય પુરાતત્વ સરવે (એએસઆઈ)એ પહેલી વખત માન્યું છે કે તાજમહલ મંદિર નહીં પરંતુ મકબરો છે. કોર્ટમાં સુનાવણી દરમિયાન દાખલ કરાયેલા સોગંદનામામાં એએસઆઈએ તેનો ઉલ્લેખ કર્યો છે.એએસઆઈ અધિકારીઓએ જણાવ્યા અનુસાર તાજમહલને સંરક્ષિત રાખવા સંબંધિત 1920ના એક નોટિફિકેશનના આધારે અદાલતમાં આ સોગંદનામુ રજૂ કરવામાં આવ્યું છે.

અગાઉ કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલયે નવેમ્બર 2015માં લોકસભામાં સ્પષ્ટ કહ્યું હતું કે તાજમહલની જગ્યાએ મંદિર હોવાના કોઈ પુરાવા મળ્યા નથી. જોકે ત્યાર પછી પણ તાજમહેલના સ્થળે મંદિર હોવાના દાવાઓ થયા હતા.

એપ્રિલ 2015માં આગ્રા જિલ્લા અદાલતમાં છ વકીલોએ એક અરજી કરી હતી. તેમાં અપીલ કરી હતી કે તાજમહલની જગ્યાએ એક શિવ મંદિર હતું અને તેનું નામ તેજો મહાલય હતું. આ અરજી દ્વારા હિન્દુ દર્શાનાર્થીઓને પરિસર પૂજાની મંજૂરીની માંગણી કરવામાં આવી હતી.

આ કેસની સુનાવણીમાં કોર્ટે કેન્દ્ર સરકાર, કેન્દ્રીય સાંસ્કૃતિક મંત્રાલય, ગૃહ સચિવ અને એએસઆઈ પાસેથી જવાબ માંગ્યો હતો. કોર્ટ અરજીકર્તાઓને જવાબ આપવા માટે વધુ સમય આપીને આગામી સુનાવણી 11 સપ્ટેમ્બરે નિર્ધારિત કરી છે.

**બિહારમાં પૂર : 440નાં મોત, 500 કરોડની મોદીની સહાય**

Astha Academy Mo.8980961441

**પાક. માં 19 વર્ષ બાદ વસતીગણતરી, 20.78 કરોડ પર પહોંચી**

પાકિસ્તાનની વસતી ભારતથી બમણી ઝડપથી વધી રહી છે. 19 વર્ષ બાદ થયેલી વસતીગણતરી મુજબ દર વર્ષ વસતી વધવાનો દર 2.4% છે. બીજી બાજુ ભારતની વસતી(વર્લ્ડ બેન્ક 2016) 1.2%ના દરે વધી રહી છે.

પાકિસ્તાનની વસતી 19 વર્ષમાં 57% વધીને 20.78 કરોડ થઈ ગઈ છે. તેમાં મહિલાઓની ભાગીદારી ગત વખતથી 1 ટકા વધી છે. તેમની કુલ વસતી 10.13 કરોડ છે. આ કુલ વસતીના 48.8%છે. ભારતમાં મહિલાઓની સંખ્યા કુલ વસતીના 48.18%(વર્લ્ડ બેન્ક-2016) છે. પાકિસ્તાનમાં પુરુષોની વસતી 10.64 કરોડ છે. આ કુલ વસતીના 51.2%છે. 10,418 ટ્રાન્સજેંન્ડર પણ છે.

**દુનિયાના ટોપ–5 દેશ**

| ક્રમ | દેશ | ગ્રોથ રેટ |
|---|---|---|
| 1. | સીરિયા | 7.90% |
| 2. | દક્ષિણ સુદાન | 3.80% |
| 3. | અંગોલા | 3.50% |
| 4. | બુરુંડી | 3.30% |
| 5. | મલાવી | 3.30% |

**હિટલરના ઉલ્લેખવાળા આલ્બર્ટ આઈન્સ્ટાઈનના પત્રની હરાજી થશે**

**ઝાઝરિયા – સરદારને ખેલ રત્ન, 17ને અર્જુન એવોર્ડ**

રિયો પેરાલિમ્પિકના સુવર્ણ ચંદ્રક વિજેતા ભાલા ફેંક એથ્લેટ દેવેન્દ્ર ઝાઝરિયા અને પૂર્વ ભારતીય હોકી સુકાની સરદાર પુરસ્કાર સિંહને રાજીવ ગાંધી ખેલ રત્ન પ્રદાન કરાયો હતો. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે 17 ખેલાડીઓને અર્જુન અને 6 કોચને દ્રોણાચાર્ય પારિતોષિક પ્રદાન કર્યા હતા.

**ડો.પુષ્પા ભટ્ટને સાહિત્ય અકાદમીનું પ્રથમ પારિતોષિક**

કવિયત્રી પ્રો.ડો.પુષ્પાબહેન ભટ્ટ રચિત સંસ્કૃત કાવ્ય સંગ્રહ 'શ્રી મહાભગવત્યારાધના'ને સસ્કૃત અકાદમીનો પ્રથમ જ્યારે હિન્દી કાવ્ય સંગ્રહ 'યુગન્ધરા'ને હિન્દી સાહિત્ય અકાદમીનો તૃતીય પુરસ્કાર પ્રાપ્ત થયો છે. ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યાએ જે.બી. ઓડિટોરિયમ ખાતે પુરસ્કાર એનાયત કર્યો હતો.

**સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય ભારત સરકાર**

**પંડિત દિનદયાલ ઉપાધ્યાય**

**32મું રાષ્ટ્રીય નેત્રદાન પખવાડિયું –**

**25 ઓગસ્ટ – 8 સપ્ટેમ્બર, 2017**

**ડાયલ કરો: ટોલ ફ્રી નં. 1919 (એમટીએનએલ/બીએસએનએલ–દિલ્હી અને મુંબઈ) અથવા રાષ્ટ્રીય રાષ્ટ્રીય હેલ્પ લાઈન નંબર : 1800–11–4770**

**મનોજ દાસ CMના પ્રિન્સિપાલ સેકેટરી તરીકે નિમણૂક**

**બળાત્કારી રામરહીમ બાબાને 20 વર્ષની કેદ**

**પંડ્યાનો એક ઓવરમાં સૌથી વધુ 26 રનનો વિક્રમ**

હાર્દિક પંડ્યાએ શ્રીલંકા સામેની ત્રીજી ટેસ્ટ મેચના બીજા દિવસે 108 રનની તોફાની ઈનિંગ રમી હતી. આઠમાં નંબરે રમવા આવેલા પંડ્યાએ 96 બોલમાં આઠ ચોગ્ગા અને સાત છગ્ગા ફટકાર્યા હતા. તે દરમિયાન તેણે મલિંડા પુષ્પકુમારની એક ઓવરમાં 26 રન બનાવ્યા હતા. આ ટેસ્ટ ક્રિકેટની એક ઓવરમાં કોઈ ભારતીય બેટ્સમેનના સૌથી વધારે રનનો રેકોર્ડ છે.

**85 વર્ષમાં પહેલી વાર કોઈ ભારતીયે લંચ પહેલા 100થી વધુ રન કર્યા**

પંડ્યાએ બીજા દિવસે લંચ સુધી પોતાની ઈનિંગમાં 108 રન કરતા તે લંચ પહેલા 100 રન બનાવનાર ભારતનો પહેલો બેટ્સમેન બન્યો છે.

આ પંડ્યાની કેરિયરની પહેલી ફર્સ્ટ કલાસ સદી છે. તે પાંચમો એવો ભારતીય બેટ્સમેન છે, જેણે પોતાની પહેલી ફર્સ્ટ કલાસ સદી ટેસ્ટ મેચમાં બનાવી છે.

**પુસ્તકો સરળતાથી મળે તે માટે NCERTએ વેબપોર્ટલ શરૂ કર્યું**

**વેબપોર્ટલ પર રજિસ્ટ્રેશન કરીને વિવિધ સ્કૂલો પુસ્તકો મેળવી શકશે**

દેશભરમાં સેન્ટ્રલ બોર્ડ તથા વિવિધ બોર્ડના સિલેબસનાં પુસ્તકો એનસીઈઆરટી બનાવે છે, પરંતુ દર વર્ષે પુસ્તકોની તંગી સર્જાતાં જ વિદ્યાર્થી–વાલીઓની હાલાકી વધી જાય છે. તેમની મુશ્કેલીઓ દૂર કરવા માટે તેમજ વિદ્યાર્થીઓને સમયસર પુસ્તકો મળી શકે તે માટે એનસીઈઆરટીએ પોતાની વેબપોર્ટલ શરૂ કરી છે. www.ncertbooks.ncert.gov.in નામની વેબસાઈટ પર લોગીન કરીને દેશભરની સ્કૂલો પોતાના વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે પુસ્તકો મંગાવી શકશે. એટલું જ નહીં આ જ

પોર્ટલ પર દેશભરના વાલીઓ અને સામાન્ય લોકો પણ લોગીન કરીને પુસ્તકો ઓનલાઈન મંગાવી શકશે. આ ઉપરાંત એનસીઈઆરટીએ સ્કૂલો નજીક પણ વિક્રેતાઓ ફાળવવાની તૈયારીઓ કરી છે. જેમાં અમદાવાદ, કોલકાતા, ગુવાહાટી, બેંગલુરુનાં સ્થાનિક વિતરણ કેન્દ્રો દ્વારા પુસ્તકો આપશે.

**ક.મા. મુનશીના પાત્રો કર્ણદેવ, જયદેવ અને મિનળ દેવીને હવે ગ્લોબલી ઓળખ મળશે**

ગુજરાતી સાહિત્યમાં ક. મા મુનશીએ 1916માં લખેલી નવલકથા 'પાટણની પ્રભુતા' નાં પાત્રો કર્ણદેવ, જયદેવ અને મિનળ દેવી જેવા પાત્રો અમર થઈ ગયા છે ત્યારે આ પાત્રોને હવે ગ્લોબલી ઓળખ મળશે. આઈઆઈટી ગાંધીનગરનાં પ્રોફેસર રિટા કોઠારી અને અભિજીત કોઠારી દ્વારા છેલ્લા ત્રણ વર્ષની મહેનતે 'પાટણની પ્રભુતા' નું અનુવાદિત પુસ્તક 'ધી ગ્લોરી ઓફ પાટણ તૈયાર કરાયું છે રવિવારે ઝેવિયર્સ કોલેજના ઈંગ્લિશ ડિપાર્ટમેન્ટના રિટાયર્ડ પ્રોફેસર સગુના રામનાથન અને સમાજશાસ્ત્રી ગૌરાંગ જાનીની ઉપસ્થિતિમાં આ પુસ્તકનું વિમોચન થયું હતું.

**સેલી પિયરસન 100મી. હર્ડલમાં ચેમ્પિયન**

ઓસ્ટ્રેલિયન સ્પ્રિન્ટર સેલી પીયરસને વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપની વિમેન્સ 100 મીટર હર્ડલમાં બીજી વખત ગોલ્ડ મેડલ હાંસલ કર્યો હતો. 2011માં વર્લ્ડ ટાઈટલ તથા પાંચ વર્ષ પહેલાં ઓલિમ્પિકમાં ગોલ્ડ મેળવી ચૂકેલી 30 વર્ષીય પીયરસને 12.59 સેકન્ડના સમય સાથે ટાઈટલ જીતી લીધું હતું. બેઈજિંગ ઓલિમ્પિકમાં ગોલ્ડ તથા લંડન ગેમ્સમાં સિલ્વર મેળવનાર અમેરિકાની ડોન હાર્પર નેલસને 12.63 સેકન્ડ સાથે સિલ્વર તથા જર્મનીની પામેલા ડચિકવિઝે 12.72 સેકન્ડના સમય સાથે બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો હતો.

**ફરાહને હરાવી ઈડરિસે 5000 મીટરનું ટાઈટલ જીત્યું**

યંગ ઈથોપિયન રનિંગ સ્ટાર મુક્તાર ઈડરિસે બ્રિટનના મોહમ્મદ ફરાહને હરાવીને મેન્સ 5000 મીટર રેસનો ગોલ્ડ મેડલ જીત્યો હતો. 2012ની ચેમ્પિયનશિપમાં ટાઈટલ જીતનાર ઈડરિસે ફાઈનલ લેપમાં વધારે ઝડપ હાંસલ કરીને 13 મિનિટ 32.79 સેકન્ડ સાથે રેસ જીતી લીધી હતી. 23 વર્ષીય ઈડરિસનું આ પ્રથમ મેજર સિનિયર વર્લ્ડ ટાઈટલ છે. સોમાલિયન મૂળના બ્રિટિશ રનર ફરાહે 13 મિનિટ 33.22 સેકન્ડ સાથે સિલ્વર તથા અમેરિકાના પોલ કિપકેમોઈ ચેલીમોએ 13 મિનિટ 33.30 સેકન્ડ સાથે બ્રોન્ઝ જીત્યો હતો. ફરાહ ઓલિમ્પિકમાં બે વખત આ રેસનો ગોલ્ડ જીતી ચૂક્યો છે અને તેણે લંડન વર્લ્ડ એથ્લેટિક્સની 10 હજાર મીટરની રેસમાં ગોલ્ડ જીત્યો હતો. 2016ની વર્લ્ડ ઈન્ડોર ગેમ્સનો ચેમ્પિયન ઈથોપિયાનો યોમિફ ચોથા ક્રમે રહ્યો હતો.

**જ્વેલિન થ્રોમાં વેટ્ટરનો 'ગોલ્ડન થ્રો'**

લંડન વર્લ્ડ એથ્લેટિક્સના અંતિમ દિવસે પણ કેટલાક આશ્ચર્યજનક પરિણામ જોવા મળ્યા હતા. જર્મનીના જોહાનેસ વેટ્ટરે મેન્સ જ્વેલિન થ્રોમાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.

**વિમેન્સ હાઈ-જમ્પમાં લસિતસ્કેને ગોલ્ડ**

રશિયાની મારિયા લસિતસ્કેએ વર્લ્ડ એથ્લેટિક્સની વિમેન્સ હાઈ-જમ્પ ઈવેન્ટમાં પોતાના ટાઈટલને જાળવી રાખ્યું હતું. 24 વર્ષીય મારિયા સ્વતંત્ર એથ્લેટ તરીકે આ ઈવેન્ટમાં ભાગ લઈ રહી હતી અને તેણે 2.03 મીટર ક્લિયર કરીને ગોલ્ડ પોતાના નામે કર્યો હતો.

**15 ઓગસ્ટે રાષ્ટ્રગાનને બદલે હિન્દુસ્તાન હમારા ગાઓ : મૌલવીઓ**

યુપીની યોગી સરકાર દ્વારા મદરેસાઓને સ્વતંત્રતા દિવસ ઉજવવા અને રાષ્ટ્રગાનનો આદેશ આપ્યા બાદથી મુસ્લિમ સમુદાય અને મૌલવીઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. આ મુદ્દે બરેલીના શહેર કાજી મૌલવી અસજદ ખાને અપીલ કરી છે કે તમામ મુસ્લિમો રાષ્ટ્રગાન ગાવાને બદલે સારે જહાં સે અચ્છા હિન્દુસ્તાન હમારા ગીત ગાય. તેમણે કહ્યું છે કે શરિયતના કાયદા પ્રમાણે ફોટોગ્રાફી અને વીડિયોગ્રાફી કરવાની ઈસ્લામમાં મનાઈ છે. તમામ મુસ્લિમોએ આમ કરતાં બચવું જોઈએ અને સ્વતંત્રતા દિવસના અવસરે રાષ્ટ્રધ્વજ ફરકાવી સારે જહાં સે અચ્છા હિન્દુસ્તાન હમારા ગીત ગાવું જોઈએ.

**ઝીની 'ઝી – 24કલાક' ગુજરાતી ન્યૂઝ ચેનલનો આજથી પ્રારંભ**

**GTU દ્વારા હેરિટેજ રિસર્ચ લેબ સ્થપાશે**

**JEE-મેઈન્સમાં 100% લાવનારા કલ્પિતને લિમ્કા બુકમાં સ્થાન**

દેશની પ્રતિષ્ઠિત એન્જીનિયરીંગ પરીક્ષા જેઈઈ-મેઈન્સમાં 100 ટકા મેળવનારા ઉદયપુરના કલ્પિત વીરવાલનું નામ લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સમાં સમાવાયું છે. કલ્પિતે આ વર્ષે જેઈઈ-મેઈન્સમાં 360માંથી 360 માર્ક

Astha Academy Mo 8980961441

મેળવ્યા હતા અને હવે તે આઈઆઈટી, મુંબઈમાં કમ્પ્યુટર સાયન્સનો અભ્યાસ કરી રહ્યો છે. કલ્પિતે કહ્યું કે, 'હું જેઈઈ–મેઈન્સમાં પાસ થઈ જઈશ તેવો મને પૂરો વિશ્વાસ હતો પણ 100 ટકા આવશે તેવી આશા નહોતી. લિમ્કા બુકમાં સ્થાન મળવાની પણ મેં કલ્પના કરી નહોતી. હું આઈઆઈટીની તૈયારી માટે રોજ 15 કલાક ભણતો હતો, સતત અભ્યાસથી મને મદદ મળી.

**નવા ચીફ જસ્ટિસ તરીકે જસ્ટિસ તરીકે જસ્ટિસ દીપક મિશ્રાની નિયુક્તિને પડકારતી સ્વામી ઓમની અરજી ફગાવાઈ**



સુપ્રીમકોર્ટના નવા ચીફ જસ્ટિસ તરીકે જસ્ટિસ દીપક મિશ્રાની નિયુક્તિની પ્રક્રિયા પર સ્ટે મૂકવાની માગણી કરતી રજૂ કરવામાં આવેલી અરજીને ચીફ જસ્ટિસ જે.એસ.ખેહર અને જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડની બેન્ચે ફગાવી દીધી છે. ચીફ જસ્ટિસ જે.એસ.ખેહરે સ્વામી ઓમ અને સહ–અરજદાર મુકેશ જૈનની આકરી ટીકા કરતા જણાવ્યું કે તમે આ અરજી માત્ર પબ્લિસિટી મેળવવા માટે રજૂ કરી છે. તમારી અરજીનું બીજું કોઈ ઔચિત્ય જણાતું નથી. તમે જે ખોટી રીત અપનાવી છે તેને પ્રોત્સાહન આપી શકાય નહીં. આથી કોર્ટ તમને બંનેને 10–10 લાખ રૂપિયાનો દંડ કરી રહી છે.

**ડોકલામ વિવાદના પગલેપનાગઢ સ્ટેશને હરક્યુલસ વિમાન તૈનાત**

**નેપાળથી થતી ડ્રગ્સની દાણચોરી રોકવા સહિત ભારત સાથે 8 કરાર**

નેપાળે ભારતને એવો વિશ્વાસ અપાવ્યો છે તેઓ ભારતવિરોધી ગતિવિધિઓ પોતાની તરફથી નહીં થવા દે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નેપાળના વડાપ્રધાન શેર બહાદુર દેઉબાએ ગુરૂવારે મુલાકાત વખતે સરહદોની સુરક્ષા મામલે સમન્વય પર ભાર મૂક્યો હતો. નેપાળ સરહદેથી ભારતમાં થતી ડ્રગ્સની દાણચોરી રોકવા સહિત આઠ કરાર પર બંને દેશે હસ્તાક્ષર કર્યા હતા.

**નેપાળને વધુ 100 MW વીજળી**

મોદી અને દેઉબાએ કટૈયા–કુસહા તેમજ રક્સોલ–પરવાનીપુર ટ્રાન્સમિશન લાઈનોનું ઉદ્ઘાટન કર્યું જેથી નેપાળને વધુ 100 મેગાવોટ વીજળી મળી શકશે.

**મુખ્ય કરારો**

ભૂકંપની તારાજીમાં એક અબજ ડોલરની મદદ અંતર્ગત નેપાળમાં 50 હજાર નવા ઘર બાંધવા, શિક્ષણ, સાંસ્કૃતિક વારસો, સ્વાસ્થ્ય સંબંધિત ચાર કરાર. નશાખોરી રોકવા માટે નાર્કોટિક્સ ડ્રગ્સની તસ્કરી રોકવામાં સહયોગ.

**સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક ચુકાદો**

**આધારકાર્ડના જનક હવે ઈન્ફીના આધાર**

**10 વર્ષ બાદ નંદન નીલેકણી ફરી ઈન્ફોસિસના ચેરમેન**

10 વર્ષ બાદ નંદન નીલેકણી ઈન્ફોસિસના ફરી ચેરમેન બનશે. વર્તમાન ચેરમેન આર.શેષાસાયી, કો–ચેરમેન રવિ વેન્કટેશન અને વાઈસ ચેરમેન વિશાલ સિક્કાએ રાજીનામું આપી દીધું છે. જોકે રવિ વેન્કટેશન સ્વતંત્ર નિર્દેશક પદે જળવાઈ રહેશે.

**જજના વાહનનું નવું ચિહ્ન**

સુપ્રીમ કોર્ટે ચીફ જસ્ટિસ અને અન્ય જજના સત્તાવાર વાહન પર લગાવવા માટે એક ધ્વજ અને પ્લેટ નક્કી કરી છે. આવી જ રીતે તેનો ઉપયોગ દેશની વિવિધ હાઈકોર્ટના જજ માટે પણ યોગ્ય સમયે કરાશે.

**ઓનલાઈન શોપિંગ : ઘેરબેઠાં ખરીદીમાં ઠગાઈના કિસ્સા વધ્યા, ગુજરાત 9મા ક્રમે**

**આરબીઆઈ આજે 200ની નોટ બહાર પાડશે**

આરબીઆઈ 200 રૂપિયાની નવી નોટ શુક્રવારે બહાર પાડશે. હાલ આરબીઆઈએ તેનું સેમ્પલ બહાર પાડ્યું છે. 200ની નોટ 10મી નોટ હશે. અત્યાર સુધી 1,2,5,10,20,100,500 અને 2000ની નોટ ચલણમાં છે.

**સુપ્રીમકોર્ટમાં પિતાના ચુકાદાને 41 વર્ષ પછી પુત્રએ ફેરવી તોળ્યો**

પ્રાઈવસી મૌલિક અધિકાર બન્યો એ સાથે જ સુપ્રીમ કોર્ટે ઈમરજન્સી દરમ્યાન આપેલો પોતાનો 41 વર્ષ જૂનો ચુકાદો ફેરવી તોળ્યો છે. 1976માં જસ્ટિસ વાયવી ચંદ્રચૂડ સહિત પાંચ જજોની બેન્ચે મૌલિક અધિકાર સસ્પેન્ડ કર્યા હતા. પણ ગુરૂવારના ચુકાદામાં વાઈવી ચંદ્રચૂડના પુત્ર ડીવાય ચંદ્રચૂડે કહ્યું કે, એ ચુકાદો ખામીભરેલો હતો.

Astha Academy Mo. 8980961441

સુપ્રીમ કોર્ટના જજે પિતાના ચુકાદાને ફેરવી તોળ્યો હોય એવું આ પહેલીવાર બન્યું છે. 25 જૂન 1975ના રોજ દેશમાં ઈમરજન્સી લાગુ કરીને મૌલિક અધિકારો સ્થગિત કરી દેવાયા હતા. 1976માં જબલપુર વિરુધ્ધ શિવકાંત શુક્લા કેસમાં સુપ્રીમકોર્ટની બેન્ચે મૌલિક અધિકારો સ્થગિત કરવાનો ચુકાદો બહુમતિથી આપ્યો હતો.

**કેન્દ્રથી રાજ્ય સુધી દરેક યોજના આધાર સાથે લિન્ક**

36 યોજનાઓ માટે કેન્દ્રએ આધાર અનિવાર્ય કર્યું છે. મિડ–ડે મીલ, સર્વશિક્ષા તેમાં સામેલ.

92 યોજનાઓ 19 મંત્રાલયોના ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર હેઠળ ચાલી રહી છે. આધારથી લિન્ક છે.

84 ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરવાળી યોજનાઓમાં આધારને અનિવાર્ય કરવાની યોજના છે.

**આરટીઆઈ :** આરટીઆઈ હેઠળ માગવામાં આવતી માહિતી તેના હેઠળ આવશે નહીં. તેના હેઠળ જાહેર બાબતોમાં જ માહિતી આપવામાં આવે છે. ખાનગી જીવનની માહિતી આપવાની જોગવાઈ નથી.

**ચૂંટણી સોગંદનામું :** માહિતી આપવાનો ઈનકાર કરી શકાશે નહીં. ચૂંટણી પબ્લિક લાઈફ સાથે જોડાયેલો મુદ્દો છે. પારદર્શિતાની આ વ્યવસ્થા સુપ્રીમકોર્ટના આદેશ બાદ જ બની હતી.

**બીફ બેન, સજાતીય સંબંધો, ઈચ્છામૃત્યુ, ગર્ભપાત સહિતના મુદ્દે નવો આધાર તૈયાર**

**સજાતીય સંબંધો :** જસ્ટિસ ચંદ્રચૂડે કહ્યું કે સેક્સ્યુઅલ ઓરિએન્ટેશનના આધાર પર વ્યક્તિ સાથે ભેદભાવ અપમાનજનક છે.

**ઈચ્છામૃત્યુ :** બેન્ચે સ્પષ્ટ કર્યું છે કે લાંબા ઉપચાર પર ટકેલા જીવનને નકારવાનો વ્યક્તિને અધિકાર છે. આ પ્રકારના જીવનનો અંત આણવો એક અન્ય સ્વતંત્રતા છે. જે પ્રાઈવસી હેઠળ આવે છે.

**ગર્ભપાત :** બેન્ચે જણાવ્યું હતું કે ગર્ભપાતની પસંદગીની સ્વતંત્રતા મહિલાની પ્રાઈવસી હેઠળ આવે છે.

**બીફ પર પ્રતિબંધ :** જસ્ટિસ ચેલામેશ્વર રાવે જણાવ્યું હતું કે માણસે શું ખાવું અને શું નહીં ખાવું, કેવાં કપડાં પહેરવા એ સરકાર નક્કી કરે એવું કોઈ વ્યક્તિ પસંદ કરશે નહીં.

**પ્રાઈવેટ ડેટા મામલે 4 દેશમાં આકરા કાયદા**

**સ્વિડન :** પ્રથમ દેશ જ્યાં લોકોને ઓળખ નંબર મળ્યો. ઉલ્લંઘન બદલ કડક કાર્યવાહી.

**જર્મની :** ખાનગી માહિતી પર કડક કાયદા. ગૂગલ–ફેસબુકને પોતાની પોલિસી બદલવી પડી.

**અમેરિકા :** અંગત માહિતી સંબંધિત વ્યક્તિની મંજૂરી વગર મળી શકતી નથી.

**જાપાન :** 2003માં કાયદો બન્યો. ખાનગી ડેટાની સુરક્ષા સરકારની જવાબદારી છે.

**આ છ આપણા મૌલિક અધિકાર**

- સ્વતંત્રતાનો અધિકાર
- શોષણનો વિરોધ કરવાનો અધિકાર
- ધર્મની સ્વતંત્રતાનો અધિકાર
- સંસ્કૃતિ અને શિક્ષણ સંબંધિત અધિકાર
- સંપત્તિનો અધિકાર
- બંધારણીય ઉપચારનો અધિકાર

**9 જજે સુપ્રીમના 63 વર્ષ જૂના ચુકાદાને પલટાવ્યો**

આ ચુકાદાની વ્યાપક અસર થશે એમ મનાઈ રહ્યું છે. પ્રત્યેક કાયદા પ્રાઈવસીની એરણે ચકાસવામાં આવશે. અત્યાર સુધી પ્રાઈવસી મૌલિક અધિકાર નહીં હોવાથી સરકાર પાસે અમર્યાદિત અધિકાર હતા. પણ હવે સરકારે એ સાબિત કરવું પડશે કે તેમના દ્વારા મેળવવામાં આવી રહેલી માહિતી 'તર્કબધ્ધ નિયંત્રણ' હેઠળની છે. જુદી–જુદી સરકારી યોજનાઓને આધાર સાથે જોડવાના પ્રયાસો વિરુધ્ધની અરજીઓની સુનાવણી દરમ્યાન સવાલ ઉઠાવવામાં આવ્યો હતો કે પ્રાઈવસી મૌલિક અધિકાર છે કે નહીં આ નક્કી કરવા માટે નવ જજોની બંધારણીય બેન્ચની રચના કરવામાં આવી હતી. આ સંદર્ભમાં હવે પાંચ જજોની બંધારણીય બેન્ચ આધાર કેસમાં પ્રાઈવસીના ઉલ્લંઘન સહિત અન્ય દલીલો પર સુનાવણી કરશે.

**મૌલિક અધિકાર સંપૂર્ણ નથી, તેના પર રિઝનેબલ રિસ્ટ્રિક્શન લાગુ રહેશે**

પ્રાઈવસી દેશના પ્રત્યેક નાગરિકનો મૌલિક અધિકાર છે. સુપ્રીમકોર્ટના ચીફ જસ્ટિસ જે.એસ.ખેહરના વડપણ હેઠળની 9 જજોની બંધારણીય બેન્ચે ગુરુવારે આ ચુકાદો સંભળાવ્યો હતો. 1954અને 1962માં સુપ્રીમકોર્ટની બે બંધારણીય બેન્ચે પ્રાઈવસીને મૌલિક અધિકાર માન્યો નહોતો. પણ ગુરુવારે નવ જજોની બેન્ચે આ ચુકાદો ફેરવી તોળતા એકમતે કહ્યું હતું કે પ્રાઈવસીનો અધિકાર જીવન અને અંગત સ્વતંત્રતાના અધિકારનો અભિન્ન હિસ્સો છે.

પ્રાઈવસીનું હનન કરતો કાયદો અયોગ્ય છે. સુપ્રીમકોર્ટે જોકે સ્પષ્ટ કર્યું હતું કે મૌલિક અધિકાર પોતાની

Astha Academy Mo. 8980961441

રીતે સંપૂર્ણ નથી. તેના પર તર્કબદ્ધ નિયંત્રણ (રિઝનેબલ રિસ્ટ્રિક્સન) લાગુ પડે છે.

**9 જજે સુપ્રીમના 63 વર્ષ જુના ચુકાદાને પલટાવ્યો, આઝાદી બાદ પહેલીવાર પ્રાઈવસી જીવનના અધિકારોમાં સામેલ**

**બિહાર : 500 કરોડના સૃજન કૌભાંડની તપાસ CBIએ શરૂ કરી**

બિહારના ભાગલપુરમાં ચર્ચિત સૃજન કૌભાંડની તપાસ સીબીઆઇએ શરૂ કરી છે. કેન્દ્ર સરકારે મંજૂરી આપી દીધી છે. આ મામલે 14 એફઆઈઆર અને 18 લોકોની ધરપકડ થઈ ચુકી છે. 2005થી 2013 વચ્ચે સરકારી ભંડોળ અંગત ખાતાઓમાં ટ્રાન્સફર કરી કૌભાંડ આચરાયું હતું.

**ટોપ-100 ટેક ધનિકોની સંપત્તિ એક ટ્રિલિયન ડોલરને પાર આ આંકડો દુનિયાની જીડીપીના 1.4 ટકા, ભારતમાંથી વિપ્રોના અઝીમ પ્રેમજી 15મા ક્રમે**

દુનિયાના ટોપ-100 ટેક અમીરોની સંપત્તિએ પહેલી વખત એક ટ્રિલિયન ડોલરનો આંકડો વટાવ્યો છે. તેમની કુલ સંપત્તિ 69.15 લાખ કરોડ રૂપિયા (1.08 ટ્રિલિયન ડોલર) થઈ છે. ગત વર્ષની તુલનાએ આ સંપત્તિ 12.10 લાખ કરોડ રૂપિયા વધારે છે.

**દુનિયાના ટોપ-5 ટેક અમીર**

| નામ | કંપની | સંપત્તિ |
|---|---|---|
| બિલ ગેટ્સ | માઇક્રોસોફ્ટ | 5.57 |
| જેફ બેજોસ | એમેઝોન | 5.22 |
| માર્ક ઝુકરબર્ગ | ફેસબુક | 4.45 |
| લેરી એલિસન | ઓરેકલ | 3.79 |
| લેરી પેજ | ગૂગલ | 2.80 |

**100માં 50 અમેરિકી**

ટોપ-10માં 8 અમેરિકી અને બે ચીની છે. 100માં 50 અમેરિકી છે. તેમાંથી 75 ટકા અમેરિકનો કેલિફોર્નિયામાં રહે છે. 8 અન્ય રાજ્યોના છે. 33 અમીર એશિયાના છે.

**સૌથી વધુ ખોટ**

સર્વાધિક નુકસાન શ્યાઓમીના માલિક લેઈ જુનને થયું છે. તેમની સંપત્તિ 18,500 કરોડ રૂપિયા ઘટી છે. ઉબેરના કાલાનિકની સંપત્તિ 9,600 કરોડ રૂ. ઘટી છે.

**યાદીમાં 6 મહિલા પણ**

આ યાદીમાં 6 મહિલા પણ છે. આ વખતે એક મહિલાનો વધારો થયો છે. સૌથી અમીર મહિલા હોંગકોંગની ઝોઉ કુનફી છે. તેમની સંપત્તિ 64 હજાર કરોડ રૂપિયા છે.

**રોનાલ્ડો યુઈએફએ પ્લેયર ઓફ ધ યર બન્યો**

સ્પેનિશ ક્લબ રિયલ મેડ્રિડ તરફથી રમનાર પોર્ટુગલના સુકાની ક્રિસ્ટીયાનો રોનાલ્ડોને યુઈએફએ પ્લેયર ઓફ ધ યર જાહેર કરવામાં આવ્યો છે. રોનાલ્ડોને ગુરુવારે રાત્રે આ એવોર્ડ આપવામાં આવ્યો હતો. આ પ્રતિષ્ઠિત એવોર્ડ 2010-2011થી આપવામાં આવી રહ્યો છે. રોનાલ્ડોએ સતત બીજા વર્ષે રિયલ મેડ્રિડને ચેમ્પિયન્સ લીગમાં ચેમ્પિયન બનાવવા મદદ કરી હતી. તે ગત સિઝનમાં 12 ગોલ સાથે ટૂર્નામેન્ટમાં ટોપ સ્કોરર રહ્યો હતો. 32 વર્ષીય રોનાલ્ડો ત્રીજી વખત આ એવોર્ડ પોતાના નામે કરવા સફળ રહ્યો છે. આ પહેલા રોનાલ્ડોએ 2013-2014માં અને 2015-16માં આ એવોર્ડ મેળવ્યો હતો. મેસ્સી આ એવોર્ડ બે વખત જીતવા સફળ રહ્યો છે.

**ફરાહે કારકિર્દીની અંતિમ રેસ જીતી, 5000 મીટર રેસમાં ચેમ્પિયન**

બ્રિટનના લાંબી દોડના એથ્લીટ મો ફરાહે કારકિર્દીની અંતિમ રેસ જીતી લીધી છે. તેણે ડાયમંડ લીગમાં 5000 મીટર રેસમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. ફરાહે 13 મિનિટ 06.05 સેકન્ડનો સમય લીધો હતો. આ તેની કારકિર્દીની પ્રથમ ડાયમંડ લીગ ટ્રોફી છે. હવે ફરાહ પોતાની 11 વર્ષની કારકિર્દીને અલવિદા કરીને મેરેથોનમાં ભાગ લેશે તેની પ્રથમ મેરેથોન 10 સપ્ટેમ્બરે યોજાનાર ગ્રેટ નોર્થ રન છે. 5000 મીટર રેસમાં અમેરિકાનો પોલ ચેલિમો બીજા અને ઈથોપિયાનો મુખ્તાર ઈદરિસ ત્રીજા નંબરે રહ્યો હતો. બે સપ્તાહ પહેલા લંડનમાં યોજાયેલી વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ઈદરિસે ફરાહને 5000 મીટર રેસમાં હરાવ્યો હતો. ત્યારે એથ્લીટ મો ફરાહે સિલ્વર મેડલ જીત્યો હતો.

**5 શહેરોમાં હિંસાનો ડેરો**

**મોબાઈલ પર બોલીને કરી શકાશે શોપિંગ : ગૂગલ-વોલમાર્ટ વચ્ચે થયા કરાર, અમેરિકાના લાખો ગ્રાહકોને મળશે સુવિધા**

**આ 5 કાર્યક્રમોથી રાષ્ટ્રવાદની ઝુંબેશને ભાજપ આગળ વધારશે**

- ભાજપે ભારત છોડો આંદોલનની 75મી વર્ષગાંઠ નિમિત્તે મશાલ રેલી કાઢી.

Astha Academy Mo.8980961441

- 10–14 ઓગસ્ટ સુધી તિરંગાયાત્રા દેશભરમાં તમામ જિલ્લામાં યોજાશે.
- 14 ઓગસ્ટે રાષ્ટ્રભક્તિ સંધ્યાનું આયોજન જેમાં ગાંધીજી, વીર સાવરકર, ભગતસિંહ અને બાબાસાહેબ આંબેડકર પર બનેલી ફિલ્મો દર્શાવાશે.
- 15 ઓગસ્ટે વડાપ્રધાન, મુખ્ય મંત્રીનાં ભાષણો પછી તમામ શક્તિ કેન્દ્રોમાં મંડળ સ્તર સુધી સંકલ્પ સાથે ધ્વજારોહણ.
- 16 ઓગસ્ટથી 30 ઓગસ્ટ સુધી તમામ જિલ્લા કેન્દ્રો પર નવું ભારત મંથન, સંકલ્પથી સિદ્ધિ અને પરિચર્ચા જેમાં કેન્દ્રીય મંત્રી, સાંસદ, રાજ્યોમાં ભાજપના મંત્રી સામેલ થશે.

**ગંદકી, ભ્રષ્ટાચાર, આતંકવાદ, ભારત છોડોનો નારો આપ્યો**

- આ અભિયાન માટે વડાપ્રધાનના 5 મંત્રો ગંદકી–ભારત છોડો, ભ્રષ્ટાચાર–ભારત છોડો, આતંકવાદ–ભારત છોડો, જ્ઞાતિવાદ–ભારત છોડો, સંપ્રદાયવાદ–ભારત છોડો છે.
- તમામ કાર્યક્રમોની દેખરેખ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની એપ દ્વારા થશે. આયોજકોને ફોટો અને માહિતી અપલોડ કરવા કહેવાયું છે.
- તમામ મંત્રી–પદાધિકારી પોતાના વિસ્તારોમાં શહીદ સ્મારકો પર જશે. શહીદોના પરિવારજનોને મળશે. સ્વચ્છતા અભિયાન, રક્તદાન, માનવસાંકળ, ક્વિઝ સ્પર્ધા કરાવશે.
- ભાજપે યુવાનો પર ખાસ ફોકસ કર્યું છે.

**નરેન્દ્ર મોદીના 72 મંત્રી 15 દિવસમાં 127 સ્થળે તિરંગાયાત્રાના યોજશે, એપ દ્વારા દેખરેખ રખાશે**

ભાજપ સાંસ્કૃતિક રાષ્ટ્રવાદના પોતાના જૂના નારામાં સાંસ્કૃતિકને બાજુએ મૂકી માત્ર રાષ્ટ્રવાદ અભિયાન સાથે આગળ વધશે. સાંપ્રદાયિકતાનો આક્ષેપ ન થાય અને હિન્દુત્વનો એજન્ડા પણ આગળ વધે તે માટે આ નિર્ણય લેવાયો.

**કોબર્ને વિમેન્સ સ્ટિપલચેઝમાં રેકોર્ડ નોંધાવ્યો**

અમેરિકાની ઓલિમ્પિક બ્રોન્ઝ મેડાલિસ્ટ ઈમા કોબર્ને વિમેન્સ 3000 મીટર સ્ટિપલચેઝમાં વર્લ્ડ ચેમ્પિયનશિપના નવા રેકોર્ડ સાથે ગોલ્ડ મેડલ પોતાના નામે કરી લીધો હતો.

**સરકારી સ્કુલના ધો.7–8ના વિદ્યાર્થીને ઈ–ટેબ્લેટ અપાશે**

**ભારત–ચીન સેના ડોકલામથી હટવા રાજી**

**ચીનનો દાવો, માત્ર ભારતની સેના હટશે, મોદીના બ્રિક્સ સંમેલનમાં સામેલ થવાની સંભાવના**

**ચુકાદો આપનારા જજ જગદીપ હરિયાણાના જ છે**

ગુરમીત સામે ચુકાદો આપનારા સીબીઆઈ જજ જગદીપ સિંહ પ્રામાણિકતા માટે સાથીઓમાં ચર્ચાય છે. તેમણે ગયા વર્ષે જ સ્પેશિયલ સીબીઆઈ જજની જવાબદારી સંભાળી છે. જજ બન્યા પહેલા જગદીપ પંજાબ–હરિયાણા હાઈકોર્ટમાં વકીલાત કરતા હતા. આ પહેલા તેઓ સોનીપતમાં નિયુક્ત હતા.

**6 નૌસેના અધિકારી ધરતીની પરિક્રમાનો રેકોર્ડ બનાવશે**

ભારતીય નૌસેનાની 6 મહિલા અધિકારી ઈતિહાસ રચવા જઈ રહી છે. તેઓ સમગ્ર પૃથ્વીની પરિક્રમા સમુદ્રમાં રહીને કરશે. દુનિયાની કોઈ પણ નૌસેનાની મહિલા અધિકારીઓએ આવું અત્યાર સુધી કર્યું નથી. કેપ્ટન દિલીપ ડોંડેએ જરૂર પરિક્રમા કરી છે અને આ યુવતીઓના કોચ પણ છે.

**લેફ્ટ. કમાન્ડર પી.સ્વાતિ**
**લેફ્ટ. શોગ્રાકપમ વિજયા દેવી**
**લેફ્ટ. કમાન્ડર વર્તિકા જોશી**
**લેફ્ટ. પાયલ ગુપ્તા**
**લેફ્ટ. કમાન્ડર પ્રતિભા જામવાલ**
**ઐશ્વર્યા બોદાપટ્ટી**

**સ્વાઈન ફ્લૂની સારવાર માટે ખાનગી હોસ્પિટલોને સરકાર હસ્તગત કરશે**

**મોદી સરકાર અત્યાર સુધીમાં વિદેશથી 24 પ્રાચીન મૂર્તિઓ લાવી**

**સૌથી વધુ 16 મૂર્તિઓ USથી લવાઈ**

**ગાર્બિન મુગુરુઝા, ડિમિટ્રોવ ચેમ્પિયન**

ચોથી ક્રમાંકિત સ્પેનની ટેનિસ સ્ટાર ગાર્બિન મુગુરુઝાએ રોમાનિયાની સિમોના હાલેપને સિનસિનાટી ઓપન ડબ્લ્યૂટીએ ટૂર્નામેન્ટની ફાઈનલમાં 6–1, 6-0થી હરાવીને ટાઈટલ જીતી લીધું હતું. ચાલુ વર્ષે વિમ્બલડન જીત્યા બાદ બીજું ટાઈટલ જીતવા માટે 56 મિનિટનો સમય લીધો હતો. હાલેપ સામેના ચાર મુકાબલામાં સ્પેનિશ ખેલાડીએ ત્રણ મેચમાં વિજય હાંસલ કર્યો હતો.

સિનસિનાટી ઓપનની મેન્સ સિંગલ્સમાં બલ્ગેરિયાના સાતમા ક્રમાંકિત ગ્રિગોર ડિમિટ્રોવે

Astha Academy Mo. 8980961441

ઓસ્ટ્રેલિયાના નિક કિર્ગિયોસને 6–3, 7-5થી હરાવીને ટાઈટલ પોતાના નામે કરી લીધું હતું.

**રાજનાથે ડિજિટલ પોલીસ પોર્ટલ લોન્ચ કર્યું**

કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથ સિંહે સમગ્ર દેશના 13,775 પોલીસ સ્ટેશનો સાથે સંકળાયેલા ડિજિટલ પોર્ટલનો પહેલો તબક્કો લોન્ચ કર્યો. રૂ.2000 કરોડના બજેટથી ક્રિમિનલ ટ્રેકિંગ નેટવર્ક એન્ડ સિસ્ટમ્સ પ્રોજેક્ટ હેઠળ શરૂ કરાવેલ વેબસાઈટમાં અંદાજે 7 કરોડ ગુનાઈત કેસોનો રેકોર્ડ છે.

**10.40 વાગ્યે : જસ્ટિસ કુરિયન જોસેફે કહ્યું કે હું ચીફ જસ્ટિસ સાથે સહમત નથી..**

'હું ચીફ જસ્ટિસ સાથે સંમત નથી. શરિયત કાયદામાં તલાકના કારણે કોડિફાઈડ નથી. ત્રણ તલાક કુરાન અને શરિયતની વિરુદ્ધ છે. તે ગેરબંધારણીય છે. તેને ખતમ કરવા જોઈએ.'

**હવે સરકારી સ્ટોર પર ઈફકોનું ખાતર અને પતંજલીની પ્રોડક્ટ મળશે**

હવે દેશના આશરે 2.50 લાખ કોમન સર્વિસ સેન્ટર્સ પર સરકારી સેવાઓની સાથે ઈફકોનું ખાતર અને પતંજલિની પ્રોડક્ટ્સ પણ વેચાશે. મંગળવારે કેન્દ્રીય પ્રધાન રવિશંકર પ્રસાદે આ સેવાઓની શરૂઆત કરી છે. હવે અહીં આધાર લિન્કડ નાણાંની લેવડ–દેવડ પણ કરી શકાશે.

**બંધારણીય બેન્ચનો ચુકાદો પોતે જ કાયદો**

ઈમેલ, એસએમએસ, ફોન કે પત્ર જેવી ચિત્રવિચિત્ર રીતે તલાક આપવા પર પ્રતિબંધ મુકાયો છે. મુસ્લિમોમાં તલાક આપવાની બે અન્ય પદ્ધતિઓ પણ છે. તલાક–એ–હસન અને તલાક–એ–અહસન. તેમાં પતિ–પત્નીને વિવાદ ઉકેલવા માટે 90 દિવસનો સમય અપાય છે. સમાધાન ન થાય તો 30–30 દિવસના ગાળામાં બે વખત તલાક કહેવામાં આવે છે. આ પદ્ધતિ પર કોઈ રોક નથી.

**જો હજુ પણ કોઈએ સિંગલ સીટિંગમાં પત્નીને તલાક આપ્યા તો શું થશે ?**

મહિલા સ્પેશિયલ મૅરેજ એક્ટ–1954 હેઠળ હક માગી શકે છે. આઈપીસીની કલમ–125 હેઠળ ભરણપોષણ, સિવિલ સૂટ તથા મુસ્લિમ મૅરેજ એક્ટના વિકલ્પો પણ છે. ઘરેલું હિંસાના કાયદા હેઠળ પણ કાર્યવાહી શક્ય છે પણ ભૂતકાળના પીડિતોને તેનાથી ન્યાય મળશે નહીં.

**ચીફ જસ્ટિસે કહ્યું – બહુમતીએ ચુકાદો – ત્રણ તલાક ખતમ**

સુપ્રીમકોર્ટે મંગળવારે ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. મુસ્લિમોમાં 1400 વર્ષથી ચાલી આવતી ત્રણ તલાકની પ્રથાને પ્રતિબંધિત જાહેર કરી દેવાઈ છે. હિંદુ, મુસ્લિમ, શીખ, ખ્રિસ્તી અને પારસી ધર્મના પાંચ જજોની બંધારણીય બેન્ચે બહુમતીથી આ ફેંસલો સંભળાવ્યો હતો. બેન્ચના ત્રણ જજ ત્રણ તલાકની વિરુદ્ધ હતા. જ્યારે ચીફ જસ્ટિસ અને જસ્ટિસ અબ્દુલ નઝીરે એવો મત આપ્યો હતો કે સરકાર આ મુદ્દે અલગ કાયદો બનાવે. સુપ્રીમના ચુકાદાને પગલે મુસ્લિમોની અડધી વસતી માટે ન્યાયનો માર્ગ ખૂલી ગયો છે.

**ઈસરોની વધુ એક સફળતા, 3400 કિલોનો સંચાર ઉપગ્રહ લોન્ચ**

ઈસરોએ ગુરુવારે સંચાર ઉપગ્રહ જીસેટ–17 લોન્ચ કર્યું છે. તેને એરિયન–5 રોકેટના માધ્યમથી સ્પેસમાં મોકલાયું. લોન્ચિંગ ફ્રેન્ચ ગુયાનાના કોરુથી વહેલી સવારે 2:45 વાગ્યે કરાયું હતું. તેની 39 મિનિટ બાદ રોકેટ સેટેલાઈટને અલગ કરી દીધું. એક મહિનામાં ઈસરોનું આ ત્રીજું મોટું લોન્ચિંગ છે. અમુક દિવસ અગાઉ શ્રીહરિકોટાથી જીએસએલવી એમકે–3 અને પીએસએલવી–સી 38 લોન્ચ કરાયા હતા.

**નવા ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી 5મી ઓગસ્ટે થશે**

નવા ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી પાંચમી ઓગસ્ટે યોજાશે. 4થી જુલાઈએ જાહેરનામું જારી થશે. 18મી જુલાઈ સુધી ઉમેદવારીપત્રો ભરી શકાશે. 5મી ઓગસ્ટે મતદાન અને એ જ દિવસે મત ગણતરી પણ થશે. વર્તમાન ઉપરાષ્ટ્રપતિ હામિદ અન્સારીનો કાર્યકાળ 10મી ઓગસ્ટે પૂરો થશે. આ ચૂંટણીમાં કુલ 790 મતદાતા હશે.

**એકસાથે 18,500 દિવ્યાંગોને સાધન સહાયનો વિશ્વવિક્રમ વડાપ્રધાને દિલ્હી પહોંચાડવાનો શ્રેય રાજકોટવાસીઓને આપ્યો**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે રેસકોર્સના મેદાનમાં



Astha Academy Mo. 8980961441

દિવ્યાંગોને સાધન સહાયનો મેગા કેમ્પ યોજાયો હતો જેમાં બે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ અને એક વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ રચાયો છે. રાજકોટ જિલ્લા અધિક કલેક્ટર હર્ષદભાઈ વોરાએ જણાવ્યું હતું કે, 1442 મૂક–બધિરો દ્વારા રાષ્ટ્રગાન અને 881 દિવ્યાંગોને કેલીપર્સનો ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ નોંધાયો છે અને 18200 દિવ્યાંગોને સાધન–સહાયનો વર્લ્ડ બુક ઓફ રેકોર્ડમાં નોંધાવવા દાવો કર્યો હતો. જેમાં અમુક લાભાર્થીઓ નીકળી જતા 18035 આસપાસ આ વર્લ્ડ રેકોર્ડ નોંધાશે.

**ક્રીમિ લેયરની આવકમર્યાદા 6થી વધારીને 8 લાખ કરાઈ OBCમાં જાતિઓનો ક્વોટા નક્કી થશે, સબ–કેટેગરી માટે પંચ નિમાશે, ગુજરાતમાં ઓબીસીની 55 ટકા વસતિ છે**

અન્ય પછાત વર્ગ (ઓબીસી) અનામત મુદ્દે કેન્દ્ર સરકારે બુધવારે બે મહત્વના નિર્ણય લીધા હતા. પહેલો, ઓબીસી અનામત માટે ક્રીમી લેયરની આવક મર્યાદા છ લાખથી વધારીને વાર્ષિક 8 લાખ કરી દેવામાં આવી છે. અને બીજો, ઓબીસીની કેન્દ્રીય યાદીમાં જાતિઓનો ક્વોટા નક્કી કરવા માટે મંજૂરી આપી દેવામાં છે. જાતિઓની સબ–કેટેગરી નક્કી કરવા માટે એક પંચની નિમણૂક કરવામા આવશે. તેનાથી હાલ સુધી અનામતના લાભથી વંચિત રહેલી જાતિઓને પણ તેનો ફાયદો મળશે.

**સબ કેટેગરી માટે સુપ્રીમે 25 વર્ષ પહેલાં આદેશ આપ્યો હતો, ઓબીસી પંચે છ વર્ષ પહેલા ભલામણ કરી હતી**



ઓબીસીમાં જાતિઓની સબ–કેટેગરી માટે પંચ બનાવવાની ભલામણ રાષ્ટ્રીય પછાત વર્ગ પંચે 2011માં કરી હતી. પંચની ભલામણ હતી કે ઓબીસીને ત્રણ સબ–કેટેગરીમાં વહેંચવામાં આવે. તે પહેલાં 1992માં સુપ્રીમકોર્ટે પણ આ સંબંધમાં વ્યવસ્થા આપી હતી. વર્ષ 2012,2013 અને 2014માં સંસદીય સમિતિઓએ પણ તેની ભલામણ કરી હતી. સબ કેટેગરી બનાવવાનો આશય તમામ વર્ગોને સમાન લાભની તક આપવાનો છે. છાશવારે આ આરોપ લાગતા રહે છે કે પછાત જ્ઞાતિઓમાં આર્થિક રીતે મજબૂત કેટલાક વર્ગના લોકો જ તેનો ફાયદો ઉઠાવી રહ્યા છે. તે સિવાય મોટા ભાગની પછાત જ્ઞાતિઓને ફાયદો મળી રહ્યો નથી. સબ કેટેગરી બનવા પર વિશેષ જાતિઓ પર અનામતની વહેંચણી થઈ જશે.

**11 રાજ્યોમાં પહેલા જ સબકેટેગરી બની છે**

ઓબીસી પંચની ભલામણ પર 11 રાજ્ય દ્વારા પહેલા જ પોતાની ઓબીસી યાદીમાં પેટા કેટેગરી બનાવી ચૂકવાની પ્રક્રિયા કરી ચુક્યા છે. તેમાં આંધ્રપ્રદેશ, તેલંગણા, કર્ણાટક, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, બિહાર, મહારાષ્ટ્ર, તમિલનાડુ અને જમ્મુ–કાશ્મીર સામેલ છે.

**પંચ અનામતની સમાન તક આપવાની રીત નક્કી કરશે**

આ પંચનું નામ અન્ય પછાત વર્ગ ઉપવર્ગીકરણ તપાસ પંચ' રહેશે. તે ઓબીસી સેન્ટ્રલ યાદીમાં સામેલ જાતિઓને અનામતના અસમાન લાભની વહેંચણીની તપાસ કરશે. સાથે જ અસમાનતા દૂર કરવાની નીતિ–રીતિ અને પ્રક્રિયા પણ નક્કી કરશે. આ માટે પક્ષકારો પાસેથી પણ સૂચનો મંગાવાશે.

**ક્રીમિલેયરની આવક મર્યાદા 6થી વધારીને 8 લાખ કરાઈ**

જાતિઓના સબ–કેટેગરાઈઝેશન માટે પંચ બનાવવાની ભલામણ રાષ્ટ્રપતિને કરવામાં આવશે. પંચે રચનાના 12 અઠવાડિયાની અંદર કેન્દ્ર સરકારને રિપોર્ટ આપવાનો રહેશે. ઓબીસીની કેન્દ્રીય યાદીમાં પાંચ હજાર કરતા વધારે જાતિઓ સામેલ છે. સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી થાવરચંદ ગેહલોતે કહ્યું કે ગરીબોને અનામતનો લાભ આપવાનો વિરોધ કોઈએ ના કરવો જોઈએ.

27 ક્વોટા છતાં નોકરીઓમાં 16 ટકા પણ ઓબીસી નથી, તેથી ક્રીમી લેયર મર્યાદા 2 લાખ વધારાઈ.

પછાત વર્ગ પંચે 2015માં પોતાના રિપોર્ટમાં કહ્યું હતું કે 27 ટકા અનામત છતાં સરકારી નોકરીઓમાં ઓબીસીની સંખ્યા 16 ટકા પણ પહોંચી શકી નથી. તેવામાં ક્રીમીલેયરની આવક મર્યાદા 15 લાખ કરાવી જોઈએ. પછાત કલ્યાણ અંગેની સંસદીય સમિતિએ આ મર્યાદા 20 લાખ કરવાની ભલામણ કરી હતી. ભલામણોનો અભ્યાસ કરીને સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયે કેબિનેટ પાસે 8 લાખની આવક મર્યાદા કરવાની ભલામણ મોકલી હતી. તે પહેલાં 2013માં ક્રીમીલેયરને 4.5 લાખથી વધારીને 6 લાખ કરવામાં આવી હતી.

Astha Academy Mo.8980961441

**2000ની નોટ પર પ્રતિબંધની કોઈ વિચારણા નથી : જેટલી 200 ની નવી નોટ આવશે**

નાણામંત્રી અરુણ જેટલીએ કહ્યું છે કે સરકાર 2000 રૂપિયાના મૂલ્યની ચલણી નોટો પર પ્રતિબંધની કોઈ વિચારણા કરી રહી નથી અને 200 રૂપિયાની નવી નોટ ક્યારે બહાર પાડવી તેના સમય અંગે રિઝર્વ બેન્ક નિર્ણય લેશે.

**યુરોપ ટુર માટે ભારતીય વિમેન્સ હોકી ટીમના સુકાનીપદે રાનીની વરણી**

ફોરવર્ડ ખેલાડી રાની રામપાલની પાંચમી સપ્ટેમ્બરથી શરૂ થઈ રહેલી ભારતીય વિમેન્સ હોકી ટીમના યૂરોપ પ્રવાસ માટે સુકાનીપદે વરણી કરવામાં આવી છે. ગોલકીપર સવિતા ઉપસુકાની રહેશે. ટીમમાં અનુભવી તથા યુવા ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. વર્લ્ડ હોકી લીગ સેમિફાઈનલમાં ભારતની ટીમ ક્વાર્ટર ફાઈનલમાં ઈંગ્લેન્ડ સામે હાર્યા બાદ આઠમા ક્રમે રહી હતી.

**ઈંગ્લિશ ફૂટબોલર રુની નિવૃત્તિ**

**ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ સુકાની રુનીએ 119 મેચમાં વિક્રમી 53 ગોલ નોંધાવ્યા છે**

ઈંગ્લેન્ડ તરફથી વિક્રમી ગોલ નોંધાવનાર અનુભવી ખેલાડી વેન રુનીએ બુધવારે ઈન્ટરનેશનલ ફૂટબોલમાંથી તાત્કાલિક અસર સાથે નિવૃત્તિની જાહેરાત કરી દીધી છે. મેનેજર ગેરેથ સાઉથગેટ ઈંગ્લેન્ડની ટીમમાં રુનીને પુન:સ્થાન મળે તેવા પ્રયાસ કરી રહ્યા છે તે સમયે રુનીએ નિવૃત્તિનો નિર્ણય લીધો છે. રુનીએ ઈંગ્લેન્ડ માટે 119 મેચમાં 53 ગોલ નોંધાવ્યા છે.

**નગા મહિલાએ પાઈલટ બની ઈતિહાસ રચ્યો**

મણિપુરની રોવિનઈ પોમઈ નામની યુવતીએ પહેલી મહિલા નગા પાઈલટ બનીને ઈતિહાસ સર્જ્યો છે. આ સમાચાર મીડિયામાં આવતાં જ રોવિનઈ પર અભિનંદનનો વરસાદ થઈ રહ્યો છે. તે મણિપુરની પોમાઈ નગા જનજાતિની છે અને જેટ એરવેઝમાં કામ કરી રહી છે. તેણે ઓસ્ટ્રેલિયાના ન્યૂ સાઉથ વેલ્સમાં આવેલી બેસિયર એવિયેશન કોલેજમાંથી કોમર્શિયલ પાઈલટનો કોર્સ કર્યો છે.

**પરસેવામાંથી વીજળી મેળવતા ફ્યુઅલ સેલ વિકસાવાયા**

અમેરિકામાં ભારતીય મૂળના અમય બાંદોડકર સહિતના વૈજ્ઞાનિકોની એક ટુકડીએ સ્ટ્રેચેબલ ફ્યુઅલ સેલ્સ વિકસાવ્યા છે, જે પરસેવામાંથી વીજળી મેળવી એલઈડી અને બ્લૂટુથ રેડિયો સહિતની વેરેબલ ડિવાઈસ ચલાવી શકે છે.

Best Wishes by Astha Academy
Astha Academy 8980961441